मायावादिनस्तु शुक्तिरूपाधिष्ठाने उत्पन्नेनाऽनिर्वचनीयेन रजतेन चक्षुःसन्निकर्षे रजतमिदमिति भ्रमो भवेत् , न तत्र शुक्तिसामान्यज्ञानस्य हेतुत्वं प्रयोजनाभावादित्याहुः। तन्मन्दम् । शुक्तेश्चाकचक्यादिबुद्धेरुत्पादितत्वात् । शुक्तिसामान्यज्ञानकारणताया अनिर्वचनीयत्वात् । केचित्तु माययाऽनिर्वचनीयमुत्पादितं रजतं चक्षुषोपलभ्यमतो न रजतभ्रमेऽधिष्ठानसामान्यज्ञानस्य हेतुत्वमिति वदन्ति । तदप्ययुक्तम्। मायोत्पादितरजतस्य विद्यमानत्वे तत्कृतशक्तिज्ञानप्रतिबन्धात्कदापि शुक्तिज्ञानं न भवेत् । रजतनाशहेतोरन्यस्याऽभावात् । कदापि रजतध्वंसाऽभावात् । रजतज्ञाने सत्यपि शुक्तिज्ञानमिति त्वनुभवविरुद्धत्वान्नाद्रियते विद्वद्भिः । तथा चाधिष्ठानरूपशुक्तिविषयकविशेषज्ञानाऽभावात्कदापि रजतध्वंसो न स्यात् । एवं सति सदैव रजतप्रत्यय आपद्येत । यदि तु मायया विरचितं माययैव ध्वस्यत इत्युररीक्रियेत, तदा तु दार्ष्टान्तिके प्रपञ्चे तथैव स्वकार्यत्वान्मायाघटितः प्रपञ्चो माययैव नष्टो भविष्यतीति व्यर्थो ज्ञानप्रयासो वेदान्तशास्त्रवैयर्थ्यं च । ज्ञाननाश्यः प्रपञ्च इति भवत्सिद्धान्तोऽपि नाशं प्राप्येत्याकलनीयम् । अत एवा**मनापायनं हरे**रित्यस्य व्याख्याने **मायया कृतो योऽन्तरासर्गः स त्वपार्थ एवाभात्यन्तराभानात्तत्र स्पर्शे च ब्रह्माऽवभानात्तदैव गच्छतीति निर्मूलत्व**मित्यप्युक्तम् । **मध्यस्थमात्रानुवादो वा मायावादिवदि**त्यप्युक्तम् ।

अतो ज्ञायत इन्द्रियविषययोः सम्बन्धे सामान्यज्ञानानन्तरं यद् बुद्धौ माया मायिकं पदार्थं निर्माय बुद्धिविषयीकारयति तद् बौद्धं ज्ञानं भ्रमात्मकम् । तद्विषयश्च मायिको बौद्धो घटादिः । अयमेव बुद्धौ भातः पदार्थ आन्तरालिकी सृष्टिरित्युच्यते । तस्यैव मिथ्यात्वम् । न तु भगवत्कृतप्रापञ्चिकघटपटादेरतो महता यत्नेन परिदृश्यमानप्रपञ्चस्य मिथ्यात्वं दूरीकृतवान्भगवान्भाष्यकारः । औपाधिके 'घटो भ्राम्यति' 'शङ्खः पीत' इत्यादिभ्रमे तु चक्षुर्ग्राह्ये घटशङ्खादौ भ्रमरिकाकामलाद्युपाधिं पुरस्कृत्य भ्रमणपीतत्वादिरूपो मायिको धर्मो

विषयतारूपो मायया सृज्यते । स च धर्मो धर्मिणां घटशङ्खादीनां चाक्षुषे चक्षुषा गृह्यते । अत एवोक्तं सुबोधिन्याम्—**विषयता मायाजन्या विषयो भगवानिति । विषये विषयता काचित्स्वीकर्तव्या । अन्यथा भ्रमदृष्टिर्निर्विषया स्यादिति । विषयताजनितं ज्ञानं भ्रमात्मकम् । विषयजनितं प्रमेति च**’ । तथा च तं भ्रमणपीतत्वादिरूपं मायिकं धर्ममवलोक्य मायया मोहिता बुद्धिर्धर्मिणं शङ्खादिमिव पीतत्वादिकमपि वस्तुभूतं निर्धार्य तद्विशिष्टं शङ्खं स्वीकरोति । तदा तद्भ्रमात्मकं ज्ञानं भवति । एवं सति बुद्ध्या पीतत्ववैशिष्ट्येन कल्पित एव शङ्खो मायिकः न तु चक्षुर्गृहीतः । न च चक्षुषा गृहीतस्य घटस्य भगवत्त्वं न सम्भवति । भगवत इन्द्रियाग्राह्यत्वादिति वाच्यम् । ‘न चक्षुषा गृह्यते’ इत्यादिश्रुतीनां मूलरूपपरत्वाद् गृह्यमाणघटस्य भगवतः सदंशत्वाद् ग्राहकस्येन्द्रियस्यापि भगवत्सदंशत्वेनाऽदोषाच्च । ग्राह्यस्य घटस्य विषयतावैशिष्ट्येन शुद्धत्वाभाववद् ग्राहकस्येन्द्रियस्यापि विषयतावैशिष्ट्येन तुल्यत्वाच्च । सोऽयमौपाधिकधर्मो रजतादिभ्रमवन्नाधिष्ठाननाश्यः । कामलादिदोषो भ्रमरिकादोषश्च यदा नश्यति तदैव नश्यति । भ्रमरिकादशायां ‘घटे भ्रमणं नास्ति’तीज्ञानवतोऽपि भ्राम्यतीति प्रतीतेः सर्वजनीनत्वात् ।

एवं च निरुपाधिके रज्जुभुजंगादिभ्रमे चक्षुषा सद्रूपैव रज्जुर्गृह्यते । भुजंगस्तु बुद्धिकल्पितो बुद्ध्या विषयीक्रियते, न चक्षुषा । बुद्धिकल्पितस्य भुजंगस्य बाह्यत्वाभावात् । दशमस्कन्धजन्मप्रकरणचतुर्थाध्यायसुबोधिन्यां **यथानेवंविदो भेद** इत्यस्य विवरणे ‘**बुद्ध्या बहिर्विषयोत्पादनासम्भवा**’दित्युक्तत्वात् । औपाधिकभ्रमे तु चक्षुषा सद्रूपो घटो, मिथ्याभूतो विषयतारूपो भ्रमणधर्मश्चेत्युभयं विषयीक्रियते । तदनन्तरं सदोषबुद्ध्या घटो भ्रमणवा’निति स्थाप्यत इति विशेषः । इमामेव विषयतां भ्रमणादिरूपां विषयेण सह गृह्यमाणामवमृश्येन्द्रियग्राह्यस्यापि मिथ्यात्वं क्वचिद्भागवते सुबोधिन्यां चोक्तम् । विषयेण घटेन सह विषयतारूपभ्रमणस्यापि चक्षुर्ग्राह्यत्वात् । अत्रापि बौद्ध एव घटो मिथ्या, न तु प्रपञ्चान्तर्वर्तीति निष्कर्षः । इदमत्र ज्ञेयम् । प्रपञ्चविचारे भ्रमणवद्घट एव दृष्टान्तः । तत्र यथा घटस्य सत्यत्वं भ्रमणस्य मायिकत्वं एवं प्रपञ्चस्यापि सत्यत्वं तद्गतानां भेदकुत्सितत्वोत्पत्तिनाशादीनां मायिकत्वम् । अत एवोद्धवं प्रत्युक्तं भगवता

यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः ।
नश्वरं गृह्यमाणं च विद्धि मायामनोमयम् ॥ इति ।

‘नश्वर’मितिपदाद्यन्नश्वरं गृह्यते तदेव मायामयमितरत्तु परं सत्यमेवेत्यर्थः स्फुटति । एतच्चौपाधिकभ्रमे स्फुटम् । अत एव **नाशोत्पत्तिप्रतीतिर्भ्रान्ते**ति विद्वन्मण्डने प्रभुचरणैर्निरूपितम् । अतो न प्रपञ्चस्य शुक्तिरजतादिर्दृष्टान्तः । अत एव शास्त्रार्थप्रकरणे वाचारम्भणवाक्यानीतिकारिकाव्याख्याने **न तु मिथ्यात्वं शुक्तिरजतवत् । अन्यथा शुक्तिरजतादिकमेव दृष्टान्तीक्रियेत** इति श्रीमदाचार्यैरुक्तम् । अन्यच्च यथा घटावच्छिन्नगगनमहाकाशयोर्वस्तुतो भेदाभावेऽपि घटोपाधिकृतो ह्यवास्तवो भेदस्तथा विषयताविशिष्टतद्रहितजगतोरिति ज्ञेयम् । दृष्टान्ते घटाकाशस्थल-

तीति प्रतीतावपि चलनं वस्तुतो घटधर्मः, न तदवच्छिन्नस्य। एवं विषयताविशिष्टे जगति उत्पत्त्यादिप्रतीतावपि उत्पत्त्यादि विषयताया एव धर्मः। न तु तदवच्छिन्नस्य घटाकाशमहाकाशयोरभेदवद्विषयताविशिष्टतद्रहितयोरभेदेन वस्तुतस्तदवच्छिन्नजगतोऽपि। ब्रह्मरूपत्वात्। अत एव श्रीमदाचार्यैर्द्वितीयस्कन्धसुबोधिन्यां **वस्तुतो मूलभूतं जगत् प्रतीतितो मायिकम्**इत्यवादि। एवं संसारिजीवशुद्धजीवयोरप्यवास्तवो भेदः संसाररूपोपाधिकृत एव। शुद्धजीवस्य भगवदंशत्वेन संसारिजीवस्यापि तदभेदेन शुद्धब्रह्मरूपत्वात्। मिथ्यात्वं तु संसाररूपोपाधिपर्यवसन्नम्। अत एव निबन्ध उक्तं **जीवसंसार उच्यत** इति। **उच्यते न तु जायत इति। असत्त्वेनाऽस्य गणनात्**इति व्याख्यातञ्च। अत एव य एव बद्धस्तस्यैव साधनसम्पत्तौ मुक्तिरिति बन्धमोक्षव्यवस्था च सम्यगुपपद्यते। न चैवं जगत्कर्तृत्वादिविशिष्टतद्रहितब्रह्मणोरप्यौपाधिकभेदाङ्गीकारे स्वसिद्धान्तविरोध इति वाच्यम्। **यतो वा इमानि भूतानि जायन्ते, तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः, एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च, स आत्मानꣳ स्वयमकुरुत** इत्यादिश्रुतिसिद्धस्य जगत्कर्तृत्वादेर्नित्यसिद्धस्य धर्मस्योपाधित्वाभावात्। अतो जगत्कर्तृत्वादिश्रौतधर्मविशिष्टं निरुपाधिकमेव, न तु सोपाधिकमिति न ब्रह्मणि सोपाधित्वतनिरुपाधिकत्वकल्पनेत्यन्यत्र विस्तरः।

तथा च सिद्धं विषयतावैशिष्ट्येन प्रपञ्चस्य सत्यत्वं मिथ्यात्वञ्च। एवं स्वमते प्रपञ्चस्य पारमार्थिकविचारे ब्रह्मात्मकत्वेन सत्यत्वम्। परमते तु व्यवहारे सत्यत्वं पारमार्थिके मृषात्वमिति भेदो ज्ञेयः॥

ननु निरुपाधिके शुक्ताविदं रजतमिति भ्रमे पूर्वमुत्पन्नसामान्यज्ञानान्तरं बुद्ध्या रजतमुत्पाद्य विषयीक्रियते। तथा दार्ष्टान्तिके भगवदात्मकप्रपञ्चश्चक्षुषा गृह्यते, मायामोहितबुद्धिकल्पितोऽन्तरासर्गो विषयीक्रियत इति यदुक्तं तन्न सम्भवति। रजतसंस्कारवदान्तरालिकपदार्थसंस्कारोपलब्ध्यभावादिति चेत्। न। पूर्वकल्पमारभ्याऽऽन्तरालिकपदार्थानुभवसत्त्वेन तत्संस्कारस्य सुवचत्वात्। अतः सुखेन रजतवदान्तरालिको बौद्धो घटादिरुत्पद्यते। किंच दृष्टान्ते यथा रजतभ्रमानन्तरं, धर्मविशेषज्ञाने शुक्तिरूपाधिष्ठाने ज्ञाते रजतं बौद्धं विलयमेति, तथाऽत्र चक्षुःसंयुक्तप्रपञ्चविषयके ब्रह्मत्वज्ञाने उत्पन्ने बौद्ध एव प्रपञ्चो नश्यति, न तु चक्षुर्गृहीतोऽयमित्यर्थः। दशमस्कन्धप्रक्षिप्ताध्यायतृतीयाध्याये **रज्ज्वामहेर्भोगभवाभवौ** यथेत्यस्य सुबोधिन्यां **भवाभवावुत्पत्तिनाशौ। सर्पोऽयं, नायं सर्प इति। स्वबुद्धिकल्पितस्यैव नाशो नान्यस्य**इत्युक्तत्वात्। अत एवाऽयं **प्रपञ्चो न प्राकृतः,नापि परमाणुजन्यः, नापि विवर्तात्मा, किन्तु परमकाष्ठापन्नवस्तुकृतिसाध्यः। तादृशोऽपि भगवद्रूप** इति निबन्धोक्तिर्युज्यते। **विषयो भगवान्**इत्युक्तिश्च। यत्तु आधिदैविकः प्रपञ्चो भिन्नः स भगवद्रूपः। अयं प्रतीयमानस्तु ततो भिन्नो मृषैवेत्याहुस्तन्न। आधिदैविकस्यातीन्द्रियत्वेन चक्षुरादिग्राह्यत्वाभावादधिष्ठानचाक्षुषसामान्यज्ञानाभावेन चाक्षुषभ्रम एव न स्यात्। चाक्षुषभ्रमं प्रति चाक्षुषसामान्यज्ञानस्य कारणत्वात्। तस्मादयमेवास्मदादीन्द्रियैर्गृह्यमाणः प्रपञ्चो ब्रह्मात्मकः। अस्मिन्नेव प्रपञ्चे मायामोहितबुद्ध्या मायिकः प्रपञ्चः कल्प्यते। तस्यैव मिथ्यात्वम्। स

हि आन्तरो, न बाह्यः । न त्वस्य मिथ्यात्वम् । अन्यथा सिद्धान्तमुक्तावल्यां **अपरं तत्र पूर्वस्मिन्वादिनो बहुधा जगु**रित्युक्त्वा **मायिकं सगुणं** चेत्यादिना परमतान्युपन्यस्य **तदेवैतत्प्रकारेण भवती**त्यन्तोक्तिरपि विरुध्येत । एवं तस्य मिथ्यात्वाऽङ्गीकार आधिदैविकस्य चक्षुराद्यविषयीभूतस्य सत्यत्वाऽङ्गीकारेण परमतस्वमतयोर्भिन्नविषयत्वेन निराकरणाऽनर्हत्वात् । न हि परे आधिदैविकं प्रपञ्चं मृषा वदन्ति, यदुपरि दूषणानि स्युः । अपि च परिदृश्यमानयाऽऽविर्भावतिरोभावौ स्वीकृत्य भावविकारप्रतीतेर्मिथ्यात्वमङ्गीकृत्यैतस्य प्रपञ्चस्य ब्रह्माऽभिन्नत्वं भाष्यनिबन्धविद्वन्मण्डनादौ सर्वत्र स्वीकृतं तदपि विरुध्येत । प्रतीयमानप्रपञ्चस्य मृषात्वाङ्गीकारेण तादृक्प्रपञ्चे जायमानानां नाशोत्पत्त्यादिप्रतीतीनामभ्रान्तत्वेन भ्रान्तत्वकथनस्यैव दूष्यत्वापत्तेः । परिदृश्यमानस्य मिथ्यात्वाऽङ्गीकारे दूष्यग्रन्थस्वग्रन्थयोरैक्यापत्तेश्च । अन्यच्च **मुक्तिः कल्पितवाक्यत** इत्यादि निबन्धवाक्यैर्गुर्वादीनां कल्पितत्वं चाऽऽपद्येतेत्यादिदूषणपुञ्जानां परमत आपादितानां स्वमत आपत्तिरतोऽस्य परिदृश्यमानजगतो मायिकत्वं नाऽऽदर्तव्यं सुधीभिः । पुराणेषु क्वचिदान्तरालिकीं सृष्टिं, क्वचिद्विषयतां, क्वचिदहन्ताममतात्मकं संसारमवलम्ब्य मायिकत्वोक्तिः । क्वचिद्वैराग्यार्थश्च । न वस्तुस्वरूपनिरूपणायेति स्थितमाकरे । अतोऽयं प्रपञ्चो ब्रह्मात्मक इति सिद्धान्तो निर्दुष्ट एव । न च बुद्धिकल्पितमेव रजतं मायादोषादिवशाद्बहिर्निःसृतं चक्षुषा गृह्यते ततश्चक्षुर्ग्राह्यस्यापि रजतस्य मिथ्यात्वं कुतो नेति वाच्यम् । भुजङ्गाधिष्ठानकरज्जुस्पार्शनभ्रमे व्यभिचारात् । तथाहि—तमःसंघाते हस्तेन भुजगस्पर्शे

स्पार्शनसामान्यज्ञानानन्तरं तमोगुणोद्रेकेण माया जीवबुद्धिं व्यामोहयति । तदा भुजंग इति बोधो नोत्पद्यते । ततो रज्जुसंस्कारेण बुद्धौ रज्जुं निर्माति । तद्बौद्धी रज्जुर्बहिश्चेन्निस्सरेत्तर्हि करेण गृह्येतैव । भुजंगस्य तु हस्तस्पर्शो न स्यात् । रज्ज्वा व्यवधानात् । तथा सति को वा दशेत् । लोके तु तादृशस्थले भुजंगस्पर्शस्तत्कृतो दंशश्च श्रूयते । अतो बुद्धिकल्पिताया रज्जोरन्तःस्थिताया बुद्धिविषयत्वमेव, नेन्द्रियविषयत्वम् । इन्द्रियविषयस्त्वधिष्ठानरूपो भुजंग एवेति ज्ञेयम् । अत एव दशमषष्ठाध्याये **यथोरगं सुप्तमबुद्धिरज्जुधी**रित्यस्य व्याख्याने **रज्जुबुद्ध्या गृहीतः सर्पः स्वस्पर्शेऽपि न ज्ञानं जनयती**त्युक्त्याऽधिष्ठानरूपसर्पस्पर्श उक्तः । एवं शुक्तिरजतादिस्थलेऽपि बोध्यम् । एतेन शुक्त्याद्यधिष्ठाने माययोत्पादितमनिर्वचनीयं रजतादिकं चक्षुरादीन्द्रियग्राह्यमिति वदन्तोऽपि प्रत्युक्ताः । भुजंगाधिष्ठानकरज्जुस्पार्शनभ्रमे ह्यनिर्वचनीयाया रज्जोस्त्वगिन्द्रियेण ग्रहणादधिष्ठानरूपेण व्यालेन त्वक्सम्बन्धाऽभावाद् भुजंगकृतदंशाभावनियमापत्तेः । त्वगिन्द्रियगोलकयोरेकवस्तुसम्बन्धनियमात् । त्वगिन्द्रियगोलकाभ्यां रज्जोः सम्बन्धात्तस्या व्यावहारिकसत्तास्वीकारेणाऽर्थक्रियाकारितया तद्रज्जुकृताधिष्ठानव्यवधानादिति दिक् । न च सर्पस्पर्शे स्पार्शनरज्जुभ्रमे यावद्भ्रममनिर्वचनीयया रज्ज्वा सह पुरुषहस्तादिसंबन्धेऽपि भ्रमनिवृत्त्युत्तरं सर्पस्पर्शात्तत्कृतदंशे को दोष इति वाच्यम् । रज्जुज्ञानोत्पत्त्यव्यवहितसमये भ्रमनिवृत्तेरसम्भवात् । अन्यथा भ्रमनिवृत्तिरनुभूयेत । न च सूक्ष्मकाले जायमाना भ्रमनिवृत्तिर्नानुभवयोग्या तत्कालस्य शतपत्रवेधवद् दुर्लक्ष्यत्वादिति वाच्यम् ।

भ्रमनिवृत्तेरधिष्ठानज्ञानसाध्यत्वेन तद्विरहे तस्या एवाऽसम्भवात् । न च दंशातिरिक्तकारणेनाधिष्ठाने ज्ञाते भ्रमनिवृत्तौ रज्जोर्नाशादधिष्ठानसंयोगे दंशः सुवच इति वाच्यम् । यत्र दंशहेतुकमधिष्ठानज्ञानं तत्र दंशात्पूर्वं भ्रमनिवृत्तेर्वक्तुमशक्यत्वेन भ्रमसमय एव दंशस्वीकार्यत्वाद् दंशस्य त्वाधिष्ठानसम्बन्धहेतुकत्वाद् भ्रमावसर एवेन्द्रियाधिष्ठानयोः सम्बन्धप्राप्तेर्भवद्राद्धान्तविरोधात् । एवं मायामोहितबुद्धिकल्पितो मिथ्याभूतः प्रपञ्चोऽपि तादृशबुद्धेरेव विषयो नेन्द्रियविषय इति विद्वद्भिर्विभावनीयम् ॥

एवं साधितेऽपि स्वसिद्धान्त एकादशस्कन्धोदितनवयोगिप्रसंगीयप्रश्नोत्तरवाक्येषु पदार्थशोधनाभावाद् भ्रमः सम्भवति । तथा सति साधितोऽपि राद्धान्तः शिथिल इव प्रतिभायादतः साधितराद्धान्तदार्ढ्यार्थं नवयोगिप्रसङ्गीयप्रश्नोत्तरवाक्यानां तत्रत्यसुबोधिनीवाक्यानाञ्चाऽर्थः पूर्वपक्षोत्तरपक्षनिरूपणपूर्वकं विमृश्यते ।

तथा हि—एकादशे निमिनवयोगिप्रसङ्गे **परस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम् । मायां वेदितुमिच्छाम** इति निमिना मायास्वरूपे पृष्टेऽन्तरिक्षेण **एभिर्भूतानि भूतात्मे**त्यादिना सृष्टिर्निरूपिता । तेन मायायाः स्वरूपप्रश्नात्तदनुरूपमेवोत्तरेण भाव्यम् । इह तु प्रपञ्चोत्पत्तिरुत्तरे निरूपिताऽतो ज्ञायते प्रपञ्चो मायाकार्यः । अन्यथा मायाप्रश्ने कृते प्रपञ्चमुत्तरे न वदेत् । तथा प्रपञ्चनिरूपणे माया निरूपिता भवतीति मायायाः कार्यलक्षणं सिद्ध्यति । एवं सति प्रपञ्चस्य मायिकत्वमायाति. न ब्रह्मतेति, पूर्वपक्षे स्वसिद्धान्तं वक्तुं प्रपञ्चस्य भगवदात्मकत्वसाधनाय श्रीमदाचार्यचरणा अन्तरिक्षदत्तोत्तराशयं विशदयितुं मायाशब्दस्य शक्तिं निरूपयन्ति **मायाशब्दः शास्त्रेष्वि**त्यारभ्य **तथा प्रयुक्तः शब्द** इत्यन्तेन । तथा च, भगवतः सर्वभवनसासर्थ्यरूपा माया, व्यामोहिका माया, ऐन्द्रजालिकविद्या, कापट्यादि चेति चत्वारो मायाशब्दार्थाः । नन्वत्र भगवतः सर्वभवनसामर्थ्यरूपा माया व्यामोहिका माया च पृथग्गणिता । व्यासः समाधौ तु **अपश्यत्पुरुषं पूर्णं मायां च तदुपाश्रयाम् । यया सम्मोहितो जीव** इतिवाक्याद् मोहिकामेव मायां दृष्टवान् । समाधेश्च मुख्यं प्रामाण्यम् । तथा च मायाया व्यामोहकत्वमेव । न सर्वभवनसामर्थ्यरूपतेत्याशङ्क्य समादधते **समाधावपी**त्यादिना । सर्वभवनसामर्थ्यरूपाया मायाया एव रूपान्तरं व्यामोहिका मायाऽतो व्याससमाधावेकस्या एवोक्तिस्तथैव द्वितीयाऽध्यायातीति न कश्चिद्दोषः । नन्वत्र तु प्रपञ्चसृष्टिरुत्तरे निरूपिता । न तु पूर्वोक्तेषु चतुर्ष्वन्यतरदित्याशङ्क्याहुः—**प्रवाहस्त्विति** । तुशब्दः प्रकारान्तरबोधकः । तथा चाऽत्र मायाशब्देन सर्वभवनसामर्थ्यरूपमायाकरणकः सृष्टिप्रवाह उच्यत इत्यर्थः । अतश्चतुर्ष्वेवान्तर्भाव इतिभावः । तस्य प्रवाहस्य स्वरूपमाहुः—**स च भगवत्कृतो भगवद्रूपश्चेति आत्मानँ स्वयमकुरुते**त्यादिश्रुतिः । अत एव निबन्ध उक्तं **प्रपञ्चो भगवत्कार्यस्तद्रूप** इति । नन्वेवं प्रपञ्चस्य भगवद्रूपत्वे तत्र मायाशब्दप्रयोगो नोचित इत्याशङ्क्याहुः—**विषयैश्च व्यामुग्धाः सर्वे भवन्तीति** । तथा च

विषयरूपस्य प्रपञ्चस्य विचित्रत्वेन व्यामोहकत्वात्प्रपञ्चे मायाशब्दः प्रयुक्तो, न तु मायिकत्वमभिप्रेत्येत्यर्थः। एवं सर्वभवनसामर्थ्यं, व्यामोहिका माया, ऐन्द्रजालिकविद्या, कापट्यं, मायाकरणको भगवदात्मकः प्रपञ्चश्चेति पञ्चसु पदार्थेषु मायाशब्दं शिष्टाः प्रयुञ्जते। तेष्वत्र कोऽर्थो वाच्यत्वेन युक्त इत्याहुः—**अतोऽत्र चेति**। सिद्धान्तमाहुः—**माया शक्तिर्भगवत** इति। **मम माया दुरत्ययेति** गीतोपनिषद्भ्यः। अत एवाहुः—**नात्र कार्येति**। तर्हि विचारस्य क्वोपयोग इत्याशङ्क्याहुः—**समाधौ** त्वित्यादि। व्यासकृतसमाधौ तु व्यामोहकत्वेन मायाया दर्शनात्तत्र तादृश्यां व्यामोहिकायां शक्त्यां मायांशब्दप्रयोग उचितः। अत्र तु सृष्टिप्रवाहे मायाशब्दप्रयोगः किम्प्रयोजकः किन्निबन्धन इति विमृश्यत इत्यर्थः। **विचारे** इति। विचारे क्रियमाणे **भगवद्वाक्यं ऋतेऽर्थं**, यत्प्र**तीयेते**'ति वाक्यमित्यर्थः। **लक्षणमिति**। व्यामोहिकमायाया ज्ञापकमित्यर्थः। लक्षणस्य स्वरूपमाहुः—**कार्यगोचर**मिति। कार्यलक्षणमित्यर्थः। एवं व्यामोहिकामायायाः कार्यलक्षणमुक्तम्। नन्वेतस्या व्यामोहिकाया एव कार्यं जगदित्येव मन्तव्यम्। बहुभिरादृतत्वात्। ततश्चैतस्य विश्वस्य मिथ्यात्वमेवोररीकार्यमित्याशङ्क्य, नेदं जगद् व्यामोहिकायाः कार्यमपि तु स्वसर्वभवनसामर्थ्यरूपमायया भगवानेव स्वात्मस्वरूपं जगन्निर्मिमीत इत्याहुः—**सुवर्णजलवत्कार्येति**। यथा सञ्चायकप्रतिमां मृदा निर्माय तत्र सुवर्णजलं निक्षिप्यते ततः सञ्चायकप्रतिमाकारा सुवर्णप्रतिमाऽनायासेन सिद्ध्यति। तथा सर्वप्रकृतिरूपां मायां सञ्चायकस्थानापन्नां कृत्वा स्वात्मरूपं जगद्भगवान् विरचयत्यतो न मायिकं किन्तु ब्रह्मात्मकमेवेत्यर्थः। एवं सति त्वत्पुराणेऽपि जगतो भगवत्त्वमुक्तं परंतु प्रकारभेदेनेत्याचार्यवर्याणामाशयः। तत्र पुराणे यः प्रकार सोऽयं सञ्चायकदृष्टान्तेन **सुवर्णजलव**दितिकारिकया स्फुटीकृतः। तथा च मायायाः संचायकत्वेन सृष्टौ भगवताऽङ्गीकृतत्वात्सृष्टिप्रवाहे मायाशब्दः प्रयुज्यते। तथा सतीह निमिनवयोगीश्वरप्रसङ्गे मायाशब्देन सृष्टिप्रवाह उच्यत इति निष्कर्षः। एवं च सुबोधिन्यामतोऽत्र किं युक्तमिति पूर्वमुक्तया फक्किकया कृतस्य प्रश्नस्य सृष्टिप्रवाहो मायाशब्दवाच्यत्वेनाऽस्मिन्प्रसङ्गे युक्त इत्युत्तरं सम्पन्नम्। इत्थं मायाशब्दवाच्यस्य सृष्टिप्रवाहस्य संचायकरीत्या निर्माणाद्भगवत्त्वम्। एतदभिसन्धायैव पूर्वमुक्तम् **स च भगवत्कृतो भगवद्रूपश्चेती**ति। वेदे तु मायारूपसाधननैरपेक्ष्येण भगवान्स्वात्मस्वरूपं जगत्करोतीति विभेदः। एतदेव प्रथमस्कन्धे **'सदसद्रूपया चासा'**वित्यस्य सुबोधिन्यां स्फुटमकारि। **घटितपूरणपात्रभेदवद्वैदिकपौराणिकजगतोर्भेद** इत्यनेन। तत्रैव सुबोधिन्यां सर्वप्रतिकृतिरूपत्वं मायाया निरूपितम्। तथा च घटितसुवर्णप्रतिमा यथा सुवर्णात्मिका तथा पूरितप्रतिमापि सुवर्णात्मिकैव। संचायकरीत्या जगन्निर्माणप्रयोजनमत्रैव सुबोधिन्यामुक्तम्। **एवं सति सृष्टिः सुगमा भवती**ति। संचायकारीत्या प्रतिमानिर्माणे सौकर्यं लोके स्फुटम्। एवं मायासाधननिरपेक्षतया वेदे निरूपितम्। जगन्मायासंचायकत्वेन पुराणे निरूपितम्। जगच्च भगवदात्मकमेव। एवं श्रुतिपुराणसिद्धोऽस्मत्सिद्धान्त इति मञ्जुलमखिलम्॥

इति श्रीमद्गोवर्धनधरश्रीवल्लभाचार्यश्रीविट्ठलेश्वरचरणाऽनुचर-
लालूभट्टोपनामबालकृष्णभट्टविरचिते प्रमेयरत्नार्णव
उत्तरार्धे ख्यातिविवेकः समाप्तः ॥
(‘एतावदेव लभ्यत उत्तरार्धम्’)

કોઇપણ સિદ્ધાંતની વિલક્ષણતા અથવા એની વિશષ્ટતા એ સિદ્ધાંતમાં કરવામાં આવેલી પ્રમેયની પરિકલ્પના અથવા તો એ સિદ્ધાંત દ્વારા આપવામાં આવેલી પ્રમેયની પરિભાષામાં રહેલ છે. જુદા જુદા સિધ્ધાંતોની વિલક્ષણતા અને વિશિષ્ટતા એમાંજ રહેલી છે. કે એ સિધ્ધાંતો કેવી રીતે પોતાના પ્રમેયના પરિકલ્પના કરે છે અથવા તો સિધ્ધ જે પ્રમેય એને કેવી રીતે પરિભાષિત કરે છે પ્રમેયનું સામાન્ય સ્વરૂપ પ્રમાણથી જે સિધ્ધ થાય એમ માનવામાં આવ્યું છે જો કે જુદા જુદા પ્રમાણથી ઘણી બધી વસ્તુઓ સિધ્ધ થતી હોય છે. છતાંયે સિધ્ધાંતોના વિશેષ સંદર્ભમાં પ્રમેયનો અર્થ “પ્રમાણથી સિધ્ધ થતી કોઈપણ વસ્તુ” એવું નહી હોઈ ।સિધ્ધાંતની વિલક્ષણતા અથવા તો વિશિષ્ટતા ઘડવામાં જે પ્રમાણ સિધ્ધ વસ્તુઓ ભાગ ભજવતી હોય છે. એને પ્રમેય કહેવામાં આવે છે.

શુધ્ધાંદ્વૈત સિધ્ધાંતના જે પ્રમેયો છે એમાં આધુનિક પરિકલ્પનાને એટલો અવકાશ નથી જેટલું કે સ્વયં પ્રમાણોનું મહત્વ છે. શુધ્ધાંદ્વૈત તો શુ પણ મીમાંસાનો પૂર્વ કે ઉત્તરમાંનો કોઇપણ સંપ્રદાય પોતાના પ્રમેયોની નવી નવી પરિભાષાઓ આપી શકે છે અને આપતા હોય છે પણ પ્રમેયોની સ્વતંત્ર પરિકલ્પના નથી કરા શકતા અને કદાચ કયાંય કરતા હોય તોયે એનું મૂલ્ય પ્રમાણ વાકયોમાં તો શોધવાનું રહ્યું જ

એટલે જ મીમાંસાની પરિભાષા પ્રાચીન વિદ્વાનોએ ‘પૂજીત વિચાર વચનો મીમાંસા’ એમ આપી છે. આ પરિભાષા જ કહી બતાવે છે કે મીમાંસાના કોઇપણ સંપ્રદાયમાં સ્વતંત્ર પરિકલ્પનાને અવકાશ નથી એમના સિધ્ધાંતો મૌલિક હોવા જ જોઇએ એવું મીમાંસક દુરાગ્ર ન સેવી શકે પણ પ્રામાણીક તો હોવા જ જોઇએ.

એટલે જ આપણા જે પ્રમેયો છે એ મૌલિક ન પણ હોય છતાંયે પ્રામાણીક તો હશે જ મીમાંસાના એક સંપ્રદાયનું બીજા સંપ્રદાય સાથે વિચારસ્થલ સમાન પ્રમાણથી સિધ્ધ થતા પ્રમેયની પરિભાષા કરવામાં રહેલ છે મીમાંસાના પ્રત્યેક સંપ્રદાયને સમાન રૂપે સંમત એવો પ્રમાણ, પ્રત્યક્ષ, અનુમાન ઈત્યાદી ન હોય 'શબ્દ' છે પ્રમાણની પરિભાષા જુદા જુદા સંપ્રદાયોએ જુદી જુદી આપી છે. કોઇના મતે અણજાણી વસ્તુનો ભ્રમ સંદેહથી રહિત જ્ઞાન પ્રમાણ છે તો કોઇના મતમાં જે વસ્તુ જેવી છે એનું એવું જ જ્ઞાન પ્રમાણ માનવામાં આવ્યું છે. અન્ય કોઈના મતે યથાર્થ વ્યવહારને અનુકુળ એવું જ્ઞાન પ્રમાણ છે અથવા અવિસંવાદી વ્યવહારને ઉત્પન કરનારૂં જ્ઞાન પ્રમાણ છે બીજા દર્શનોમાં પ્રમાણનું પ્રમાણ હોવું સ્વતઃ ઉપર નિર્ભર છે કે નહીં એ બાબતમાં ઘણા વિકલ્પો કરવામાં આવ્યા છે પણ મીમાંસાનો સિદ્ધાંત તો એ જ છે કે પ્રમાણનું પ્રમાણ હોવું પોતે પ્રમાણ સિવાય બીજી કોઈપણ વસ્તુ કે પ્રમાણપર નિર્ભળ નથી આ મતને સ્વતઃપ્રામાણ્યવાદ કહેવામાં આવે છે આ પૃષ્ટભૂમિ ઉપર આપણે આપણા પ્રમાણવિચારની પદ્ધતિ જોઈએ તો ખ્યાલ આવશે કે વેદ આદિ શાસ્ત્રોના વિધાનો કેવળ શ્રધ્ધાવશ સ્વીકારવામાં આવ્યા હોય એવું નથી પણ તર્કશાસ્ત્રની નિગમન પધ્ધતિ મુજબ જ સ્વીકારવામાં આવ્યા છે.

બધા જ પ્રમાણો સ્વતઃ પ્રમાણ છે.
શબ્દ પણ એક પ્રમાણ છે.
∴ શબ્દ પણ સ્વતઃ પ્રમાણ છે.

આમ શબ્દની સ્વતઃ પ્રમાણતાનો સિદ્ધાંત નિગમનાત્મક તર્કથી મળતું નિર્ધારણ છે. જ્યાં સુધી બળવાન કોઈ બાધક હેતુ ન મળે ત્યાં સુધી પ્રત્યક્ષ અનુમાન અથવા તો શબ્દ યા અન્યપણ

કોઈ પ્રમાણનુ પ્રમાણ હોવું અસંદિગ્ધ છે પ્રમાણ જ્યારે સ્વત: પ્રમાણ છે એને જે કોઇ પ્રમેયને સિદ્ધ કરી રહ્યું હોય તો ત્યાં શંકાને કોઇપણ જાતનો અવકાશ નથી પ્રમેય અને પ્રમાણનો આવો સહજ અને ઘનિષ્ટ સંબંધ છે. આ સંબંધમાં ભ્રાંતિને સ્થાન નથી સિવાય કે બીજા કોઇ બાહ્ય કારણો આ સંબંધમાં અંતરાય કે અડચણ ઉભા ન કરતા હોય. શબ્દો તરીકે બધા જ શબ્દો પોતપોતાના અર્થનો જ્ઞાન આપવામાં સર્વથા સમર્થ છે અને આ આધારે પહેલાં આપેલી નિગમન પદ્ધતિ મુજબ વેદાદિશાસ્ત્રોનું પણ સ્વતઃ પ્રમાણ હોવું સિધ્ધ કરી શકાય છે જેમ કે

બધા જ શબ્દો સ્વત: પ્રમાણ છે.
વેદાદિ શાસ્ત્રો પણ શબ્દ છે
∴ વેદાદિ શાસ્ત્રો પણ સ્વત.પ્રમાણ છે.

અહીંયા આપણે જોઈ શકીએ છીએ કે વેદાદિ શાસ્ત્રોના વિધાનોનું પ્રમાણ હોવું સનિર્ભર છે આ નિષ્કર્ષ આપની શ્રદ્ધામાંથી ઉપજ્યો પણ હોય તેથી એને શુધ્ધ તર્કનો આધાર નથી એમ ન કહી શકાય અલબત્ત એટલો વિવેક અહીં જરૂર રાખવામાં આવ્યો છે કે સામાન્ય લૌકિક શબ્દોમાં થતું વિધાન અથવા નિષેધ જેનું મૂળ શ્રોત પ્રત્યક્ષ અથવા અનુમાનમાં રહેલું હોય છે અથવા તો અજ્ઞાન, સંદેહભ્રમ, વંચના ઈત્યાદમાં પણ ઘણી વખતે રહેલું હોય છે. એવા લૌકિક વિધાનોની તુલનામાં શાસ્ત્રોના વિધાનો, જેમનું મૂળશ્રોત ઇતર પ્રમાણો અથવા તો ભ્રમ, અજ્ઞાન, સંદેહ આદિમાં નથી માનવામાં આવતું એવા લૌકિક શબ્દોની તુલનામાં અલૌકિક શબ્દોનું કાંઈક અનેરૂં વૈશિષ્ઠ્ય સ્વીકારવામાં આવ્યું છે. આની વિસ્તૃત ચર્ચાને અહીંયા અવકાશ ન હોવાથી નથી આપી શકયા પણ ટુંકમાં એટલું કહી શકાય છે કે અલૌકિક શબ્દોવાળા

શાસ્ત્રોના વિધાનોનું પ્રમાણ હોવું બીજા દર્શનોના જુદા જુદા વિકલ્પોની વચ્ચે મીમાંસા દર્શને પોતાના વિચારબળથી સ્વીકારેલો સિધ્ધાંત છે એમને એમ નહીં એટલા માટે જ શ્રી વલ્લભાચાર્ય અણુભાષ્યના પ્રારંભમાં કહે છે " વેદપ્રામાણ્યંતુ પ્રતિતંત્ર સિધ્ધત્યાત્ ન વિચાર્યતે"

શ્રી વલ્લભાચાર્યનુ દર્શન મીમાંસાનો એક સંપ્રદાય છે જ્યારે મીમાંસાએ વેદને સ્વતઃ પ્રમાણ માન્યુ જ છે અને વેદ અથવા તો કોઇપણ અન્ય પ્રમાણને સ્વતઃ પ્રમાણ ન માનનારા એવા દર્શનોની સાથે આ બાબતનો પુરતો વિચાર જ્યારે કરેલો જ છે તો સ્વતંત્ર વેદનું પ્રમાણ્ય અથવા તો સ્વતઃ પ્રમાણ્ય સિદ્ધ કરવાનો શુદ્ધાદ્વૈત સંપ્રદાયને કાંઇ પ્રયોજન નથી એટલે જ પ્રમાણના વિચાર વિના બ્રહ્મસૂત્રમાં પ્રમેયબ્રહ્મનો વિચાર કરવામાં આવ્યો છે. એમ કે પ્રમાણનો પુનઃ વિચાર કરવો એ વિષ્ટપેશણ જ થાત. આ ચર્ચામાં શુધ્ધાદ્વૈત સંપ્રદાયને જે વિશેષતયા કહેવું છે તે એટલું જ કે લૌકિક બધા પ્રમાણોની પોતાની સ્વભાવવશ અમુક સીમાઓ છે. અજ્ઞાન, ભ્રાંતિ અથવા તો વંચના સાથે ક્યારે એમનો મેળ મળી જાય એનું નિશ્ચિત નિર્ધારણ નથી થઈ શકતું જ્યારે મીમાંસા દર્શનમાં અલૌકિક પ્રમાણ માનવામાં આવતાં વેદાદિ શાસ્ત્રોનું અજ્ઞાન, ભ્રમ અથવા તો વંચના સાથે કોઇપણ જાતનો સંપર્ક કે સંબંધ નથી માની શકાતો આ આધારે શુધ્ધાદ્વૈત સંપ્રદાયનું કહેવું છે કે સ્વતઃ પ્રમાણ અને અલૌકિક શબ્દોવાળું વેદાદિ શાસ્ત્રોનું વિધાન જ એક પરમ પ્રમાણ છે એટલે જ આ સંપ્રદાયમાં ઇતર પ્રમાણોને જે લોકવ્યવહારના ધરાતલ પર કાર્યકારી માનવામાં આવતું હોવા છતાંયે પરમાર્થના નિર્ધારણમાં કે તત્વ વિચારમાં સ્થાન આપવામાં નથી આવતું. લોકવ્યવહાર સીમિતજ્ઞાન, અજ્ઞાન, સંદેહ, વંચના ઇત્યાદિ પર ચાલતું હોય છે આજ લૌકિક પ્રમાણોની પણ ગતિ છે એટલે લૌકિક ધરાતલ પર પ્રમાણ માનવા છતાંએ એમનું પ્રામાણ્ય સંદેહથી પર નથી તેથી કરીને એમને પરમાર્થતઃ પ્રમાણ માનવામાં નથી આવતું. અલૌકિક શબ્દોવાળા શાસ્ત્રોનું પ્રમાણ હોવામાં જે હેતુ છે તે પણ શુદ્ધાદ્વૈત સંપ્રદાયનું કેવળ પોતાનો જ હેતુ નથી પણ મીમાંસાના ઇતર બધા સંપ્રદાયોએ જેને સ્વીકાર્યો છે એજ હેતુ છે અને એજ હેતુથી તારવવામાં આવેલો આ નિષ્કર્ષ છે કે વેદાદિ શાસ્ત્રો પરમાર્થ પ્રમાણ છે એટલા માટે જ નિબંધમાં શ્રી વલ્લભાચાર્ય પોતાના મતના પ્રમાણનો પરિંગણના કરતાં વેદ, ગીતા, વ્યાસસૂત્ર અને ભાગવતના સમાધિભાષાના જ નામોલ્લેખ કરે છે. પ્રત્યક્ષ કે અનુમાનના નહીં. અલૌકિક શબ્દરાશિ જો કે આ ચાર ગ્રંથોમાં સંપૂર્ણતયા નથી આવી જતી ત્યારે આ ચાર ગ્રંથોને જ પ્રમાણ માનવું એનો વિશેષ હેતુ એક તો બધા સંપ્રદાયોએ સ્વીકારેલી પરંપરા જ છે. બીજુ આ ગ્રંથોના સ્વરૂપનું પણ કાંઈક પ્રસંગોચિત મહત્વ છે એટલેજ આચાર્ય ચરણ ત્યાં આજ્ઞા કરે છે કે આ ચારેના વચનોની સંગતિપૂર્વક તારવેલું વચન પ્રમાણ છે, છતાંએ "અથવા **वाङ्मात्र मेव प्रमाणम् । अर्थस्य भगवद्रूपत्यात् । रूपलीलावन्नामलीलाया विभेदानां वक्तव्यत्वान्नना विधानि वाक्यानि प्रवृत्तानि । विरुध्यवाक्यत्वेनैव परस्परं भासमानेष्वविरोध प्रकारमाए विरुध्धांशपरित्या गाथित । विरुध्धंशपरित्यागो द्वेधा वक्तव्यः । भगवत्सामर्थ्येनाडलौकिक प्रकारेण, भगवतः सर्वरूपत्वेन वा । अतो युक्त एवाविरोधः ।**"

અહીયાં તત્વજ્ઞાનની દશામાં શબ્દ માત્રનું પ્રમાણ હોવું સ્વીકારવામાં આવ્યું છે. પણ આરંભિક દશામાં તત્વજ્ઞાનને સરળતાથી પ્રાપ્ત કરવા સુધી ઉપરોક્ત ચાર પ્રસ્થાનોની એક વાક્યના એજ

પ્રમાણ માનવામાં આવી છે. આ પ્રમાણથી જે કોઇ વસ્તુ સિદ્ધ થતી હોય એ સામાન્ય અર્થમાં પ્રમેય કહી શકાય.

વિશેષ અર્થ

પણ આ ચાર પ્રસ્થાનોથી ઘણી બધી એવી વસ્તુઓ પણ સિદ્ધ થાય છે કે જેમને યથાવત સ્વીકારવામાં બીજા સંપ્રદાયોને અથવા દર્શનોને આપત્તિ ન હોય અને આપણા સંપ્રદાયમાં પણ એ વસ્તુંઓ એમજ યથાવત્ સ્વીકાર્ય હોય આથી આ વસ્તુઓને પણ પ્રમેય કહી શકાય પણ આ પ્રમેય આપણા સાંપ્રદાયિક સિદ્ધાંતની વિલક્ષણતા ન સમજાવી શકે. તેથી જે પ્રમેયો આપણા સિદ્ધાંતના વિલક્ષણ સ્વરૂપને ઘડતા હોય એ પ્રમેયો શુ હોઇ શકે? દર્શનો સાથે ચિરકાલથી અમુક સામાન્ય પ્રશ્નો ઉપસ્થિત થતા રહ્યા છે એમાંના મુખ્ય પ્રશ્નો આ છે.

(૧) જે જગતમાં આપણે રહીએ છીએ એની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રયોજન, સ્વભાવ, એનું અવસાન ક્યાં, ક્યારે, કોના દ્વારા નિર્ધારિત થાય છે ?

(૨) આ જગતમાં આપણી શું સ્થિતિ, આપણો શું સ્વભાવ. આપણા લૌકિક અસ્તિત્વનું શું પ્રયોજન દેહ ઈંદ્રિય. મન, આત્મા આદિનો પરસ્પર શું સંબંધ ?

(૩ આ જડ અને ચેતન સૃષ્ટિનું મૂળ કારણ શું છે, એનો સ્વભાવ શું છે, એનું સ્વરૂપ શું છે ? એના પોતાના કાર્ય જડ ચેતન, સૃષ્ટિ સાથે સંબંધ શું છે ?

(૪) આ સમગ્ર સૃષ્ટિનું જે મૂળ પ્રયોજન એનું આપણી વૃત્તિ પ્રવૃત્તિ અથવા વ્યવહાર સાથે શું સંબંધ, એ મૂળ પ્રયોજન ને પુર્ણ કરવામાં આપણું કર્મસ્વાતંત્ય, ઇચ્છા સ્વાતંત્ય અને મૂળ સ્વાતંત્ય છે કે નહીં, આપણા કર્મોનું શુભ અને અશુભ રૂપે નિધારણ કરવાનો માપદંડ શું ?

(૫) શુભ અને અશુભ કર્મની ફલવ્યવસ્થા શું છે, ફલનું સ્વરૂપ, એનુ તારતમ્ય અને ફલના અનુભવમાં અધિકારનું સ્વરૂપ અને એનું તારતમ્ય શું છે ?

(૬) આ અને એવા ઈતર પ્રશ્નોની સમાધાન માટે આપણી પાસે કયા સાધનો છે, પ્રમાણ શું છે. એનુ સ્વરૂપ શું, બુધ્ધિના અન્ય પાસાઓ જેમ કે ભ્રમ, અજ્ઞાન સંદેહ, સ્મૃતિ, નિદ્રા આદિનો પ્રમાના પાસા સાથે શું સંબંધ અને શું ભેદ છે? અને એવા ઇતર પ્રશ્નોના સમાધાન માટે જે પ્રમેયોની પરિકલ્પના અથવા સિધ્ધ કરવામાં આવે તે પ્રમેયો દર્શનના કે દાર્શનિક સંપ્રદાયના સ્વરૂપને ઘડતા હોય છે. આજ પ્રશ્નોનું સમાધાન આપી શકે એવા પ્રમેયોનો વિચાર આ પ્રમેય ગ્રંથમાં કરવામાં આવ્યો છે. કોઇપણ પ્રમેયની સિધ્ધી પ્રમાણ વગર નથી થઇ શકતી એથી ગ્રંથકારે ન કેવળ પ્રમેયોનું સ્વરૂપ જ સમજાવ્યું છે પરંતુ સાથે સાથે પ્રમાણોનો પણ ઉપન્યાસ કર્યો છે એટલે આ ગ્રંથના સમુદ્રમાં ન કેવળ પ્રમેયના રત્નો આપણને મળે છે પણ સાથે સાથે એ પ્રમેયો ને પારખવાના સાધન અથવા તો પ્રમાણોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. યુકિતઓ અને અનુમાનોના વિવાદરૂપી કાદવમાંથી આપણ ને આ પ્રમેયના રત્નો નથા ગોતવાના પણ શબ્દના સ્વતઃ પ્રામાણ્ય-

ાદથી વિમલ એવા જલમાં ગોતવાના છે. એટલે જ ગ્રંથકાર કહે છે 'वाचनि के शास्त्रे वाचनिदयेव व्यवस्येति, न शुष्क तके त्रमितव्यम् "

વસ્તુત: સાંપ્રાદાયિ સિધ્ધાંતના પ્રમેયોને સમજવા માટે આ ંથ અત્યંત ઉપાદેય થઇ પડે એવો છે જો કે વિસ્તારથી સમજવા ાટે નિબંધ આદિ ગ્રંથો પણ છે, પણ સંક્ષેપમાં સમગ્ર સિધ્ધાંત ો નિચોડ રૂક્ષ વિવાદમાં પડયા વગર પ્રમાણ પુરસ્સર સમજાવનારો ખા એકજ ગ્રંથ છે એમ કહીયે તો બહુ અતિશયોકિત નહીં મનાય

"ગ્રંથ પરિચય"

આ ગ્રંથ બે ભાગોમાં લખાયેલો છે પણ દુર્ભાગ્યે કેવળ ૂર્વાર્ધજ આનો અખંડિત મળે છે અને ઉત્તરાર્ધમાંનું કેવળ એક ્રકરણ વાદાવલિ નામના ગ્રંથ સાથે વર્ષો અગાઉ પ્રકાશિત થયું ્તું. બાકીના પ્રકરણો લખાયા કે નથી લખાયા, હાલમાં કયાંય પલબ્ધ છે કે નહીં એ બાબતની પૂરતી જાણકારી નથી મળતી. જેટલો અંશ છુટો છુટો મુદ્રિત હતો એને એક સાથે અહીંયા અમે છપાવી રહ્યા છીએ ગ્રંથના પૂર્વાર્ધમાં આટલા વિષયો ચર્ચવામાં ાવ્યા છે.

૧) પ્રપંચ
૨) જીવ
૩) મૂળસ્વરૂપ
૪) પુષ્ટિ
૫) અધિકાર
૬) સર્વાત્મભાવ
૭) ફલ

ઉત્તરાર્ધમાં કેવળ એક વિષય ઉપર વિચાર મળે છે અને એ ખ્યાતિનો વિચાર છે.

અહિંયા ખ્યાતિ વિવેકના મંગળચરણમાં ગ્રંથકાર કહે છે.

ये संक्षेपेण पूर्वार्धे पदार्था विनिरूपिताः ।
तद्व्यासं कर्तुमारब्धम् उत्तरार्धं मयाधुना ॥

આ ઉપરથી જણાઇ આવે છે કે ઉત્તરાર્ધમાં કેવળ ખ્યાતિવિવેક જ લખવું એવો ગ્રંથકારનો પ્રયોજન નહીં હોય કેમકે પૂર્વાર્ધમાં સંક્ષેપમાં જે પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું એનો જ વિસ્તાર ગ્રંથકાર ઉત્તરાર્ધમાં કરવા માગે છે પૂર્વાર્ધના પ્રપંચ વિવેકમાં ભ્રમની ચર્ચા સંક્ષેપમાં કરવામાં આવી છે અને એનો જ વિસ્તાર ખ્યાતિ વિવેક છે. પૂર્વાર્ધના ઘણા વિષયો વિસ્તારની અપેક્ષા રાખે છે જેમ કે પ્રપંચ વિવેકમાં જ આવિર્ભાવ તિરોભાવ વાદ; પરિણામવાદ, જગસત્યત્વવાદ મૂર્તિપૂજનવાદ એવી જ રીતે જીવવિવેકમાં જીવાણુત્વવાદ, મુકિતતારતમ્યવાદ, જીવવૈવિધ્યવાદ, વિરૂધ્ધધર્માશ્રયવાદ એવી જ રીતે મૂળસ્વરૂપ વિવેકોમાં કૃષ્ણપરતત્વવાદ અને સાકારવાદ આવી રીતે બીજા પણ વિવેકોમાં ઘણા વિષયો એવા છે કે જ્યાં વિસ્તૃત વિચારને અવકાશ છે એમાં ગ્રંથકારે કયા વિષયોનો વિચાર કર્યો અને કયા વિષયોનો નહીં એ બાબતમાં આપણે કંઇ પણ કહી શકવાની સ્થિતિમાં નથી પણ કર્યો ન હોય તો પણ કરવા તો માંગતા જ હશે એ બાબતમાં શંકાને સ્થાન નથી.

" સારાંશ "

"પ્રપંચ વિવેક"

ગ્રંથના પૂર્વાર્ધના પ્રપંચવિવેકમાં જગતના સંબંધમાં વિચાર કરવામાં આવ્યો છે. સિધ્ધાંતમાં જગત અને બ્રહ્મના વચ્ચેનો સંબંધ

અદ્વૈતનો આ અદ્વૈત નિષેધાત્મક ન હોઇ વિધાનાત્મક છે. એટલે જ જગત એ બ્રહ્મનું કાર્ય પણ છે અને બ્રહ્મનું રૂપ પણ છે. બીજા શબ્દોમાં કહીયે તો બ્રહ્મનું પોતે માયા કે બીજા કોઈપણ કારણ કે હેતુની સહાયતા વિના જગત રૂપે પરિણમે છે. એટલે જ આપણે ત્યાં જગતને મિથ્યા, માયિક, બ્રહ્મથી જુદું, દુઃખરૂપ, ઉત્પતિ–નાશવાન અને ભેદઘટિત માનવામાં નથી આવતું. બ્રહ્મ પોતે કારણ છે અને પોતાનામાં કોઇપણ વિકૃતિ લાવ્યા વગર પોતે જગતરૂપ પણ અર્થાત કાર્યરૂપ થઇ જાય છે. એટલા માટે જ કાર્ય, કારણ એમનો સંબંધ, કાલ, કર્મ બધુ બ્રહ્મ જ હોવાથી આપણાં સિધ્ધાંતને બ્રહ્મવાદ પણ કહેવામાં આવે છે ઉત્પત્તિ, નાશ ભેદ ઇત્યાદિની પ્રતીતિ અજ્ઞાન મૂલક ભ્રાંતિ છે એટલે જ જગતને સત્ય માનવામાં આવે છે અને સંસારને મિથ્યા. જગત બ્રહ્માત્મક છે જ્યારે અવિદ્યા અને (તેના કાર્ય) અહંમમતાને લીધે દેખાતો સંસાર માર્મિક છે.

વિવેચન એટલે આરંભમ જે આપણે દર્શનના મૂળભૂત પ્રશ્નો જોયા એમાંનાં પ્રથમ પ્રશ્નનો ખુલાસો આ રીતે આપી શકાય કે જે જગતમાં આપણે છીએ એની ઉત્પતિ નથી પણ એ નિત્ય છે અલબત્ત એનો અને આર્વિભાવ અને નિરોભાવ અથવા અભિવ્યકિત અને અનભિવ્યકિત થતા રહે છે એ સત ચિત્ અને આનંદરૂપ બ્રહ્મના સત્ અંશનો વિવિધ આકારમાં પરિણામ છે. આનું પ્રયોજન પણ બાહ્મ કે આંગતુક ન હોઇ બ્રહ્મનો લીલા સ્વભાવ કે ઇચ્છા માત્ર જ છે. દેશ, કાળ, કર્મ, પ્રયોજન અને દ્રવ્ય આ બધા બ્રહ્મના જ વિભિન્ન રૂપો છે અને આ રૂપોના જ તાણાવાણાનો વિસ્તાર આ જગત છે.

જીવવિવેક

આ પ્રકરણમાં ગ્રંથકાર જીવના વિષે વિચાર કરે છે. સિધ્ધાંતમાં જીવ બ્રહ્મનો સચ્ચિદ અંશ છે અણુ જેવડો છે તણખાની જેમ બ્રહ્મમાંથી વિખરાયો છે જો કે બ્રહ્મમાંથી નિસ્સરણના સમયે આનંદ અંશ પણ જીવમાં રહેતો હોય છે પણ બ્રહ્મની ઇચ્છાથી એ તિરોહિત થઇ જાય છે જેના પરિણામે આનંદના ધર્મ ઐશ્વર્ય, વિર્યયશ, શ્રીજ્ઞાન, વૈરાગ્ય પણ તિરોહિત થઈ જાય છે આ તિરોહિત આનંદવાળો સત્તા અને ચૈતન્ય ધર્મવાળો બ્રહ્મનો અંશ જીવ કહેવાય છે અનેક વિધરમની ઇચ્છાથી બ્રહ્મ જુદા જુદા અંશોમાં જુદા જુદા ભાવો સ્થાપિત કરે છે. જેથી દૈવ કે આસુર અને દૈવમાં પણ પુષ્ટિમાર્ગીય અથવા મર્યાદામાર્ગીય બને છે. દૈવીજીવો મુકિતના અધિકારી છે અને આસુરી જીવો પ્રલયપર્યંત સંસારના પ્રવાહમાં વહ્યા કરે છે. આનંદના તિરોભાવથી જીવને અવિદ્યાનો સંપર્ક થાય છે અને તેથા અવિદ્યાના પાંચ પર્વો (૧) સ્વરૂપ વિસ્મૃતિ (૨) અંતઃકરણાધ્યાસ (૩) પ્રાણાધ્યાસ (૪) ઇન્દ્રિયાધ્યાસ અને (૫) દેહાધ્યાસના ભ્રમમાં ફસાયેલો દુઃખી જીવ સંસારી કહેવાય છે વિદ્યાના પણ પાંચ પર્વો છે. (૧) વૈરાગ્ય ૩) સાંખ્ય (૩ યોગ (૪) તપ અને (૫) હરિભકિત એનાથી જીવ મુક્ત થાય છે. મર્યાદામાર્ગીય જીવની મુકિતના બે પ્રકાર છે. જીવનમુકિત અને મુકિત. સનકાદિ ઋષિઓ જીવન્મુકત કહેવાય છે વ્યાપિવૈકુંઠ સિવાય બીજા જુદા જુદા લોકોમાં મહાપ્રલય પર્યંત સુધી સ્થાન પામેલા જીવો મુકત કહેવાય છે. મહાપ્રલય વખતે બધાનો બ્રહ્મમાં લય થાય છે. અર્થાત્ત પરમમુકિત એમને મળે છે આસુરી જીવો મહાપ્રલય વખતે બ્રહ્મમાં લીન થઈ

જાય છે. આવી રીતે જીવની ત્રણ અવસ્થાઓ છે. (૧) શુધ્ધ (૨) બધ્ધ (૩) મુકત જેને આપણે સરળતાથી નીચે પ્રમાણે સમજી શકીએ છીએ.


બ્રહ્મ
(૧) શુદ્ધ જીવ
દૈવી
આસુરી
પુષ્ટીમાર્ગીય
મર્યાદામાર્ગીય
પ્રવાહમાર્ગીય
(૨) બદ્ધ
બદ્ધ
બદ્ધ
(૩) નિત્યલીલા
મુક્ત
બ્રહ્મભાવ
જીવનમુક્ત
વ્યાપિવૈકુંઠેતર લોકવાસ
પરમમુક્તિ
પરમમુક્તિ

નોંધ : | એક પછી એક આવતી અવસ્થાઓ છે.
∧ એકના જ બે પ્રકાર છે.

જીવ પોતે અણુ હોવા છતાં પણ પોતાના ધર્મ ચૈતન્ય દ્વારા સંપુર્ણ દેહમાં વ્યાપ્ત થાય છે. જીવ વ્યાપક નથી પણ જ્યારે એને બ્રહ્મજ્ઞાન થાય છે ત્યારે બધી વસ્તુને બ્રહ્મ તરીકે જોતાં પોતાને

પણ એજ દ્રષ્ટિથી જુએ છે ત્યારે એનું અણુરૂપ હોવું મટતું નથી વ્યાપકતાની એને સ્ફૂર્તિ થાય છે, બ્રહ્માનુભવનો કારણે અણુ હોવા છતાં વ્યાપકતાના અનુભવની સંગતિ ગ્રંથકાર નિબંધના એક ઉદાહરણ સમજાવે છે.

'यथा कृष्णो यशोदाक्रोडे स्थितोऽपि सर्व जगदाधारो भवति' સંપૂર્ણ જગત જેના આધારે ટકી રહ્યું છે એ કૃષ્ણ યશોદાના ખોળામાં પણ બેસી શકે છે.

વિવેચન

આપણે બીજા પ્રશ્નમાં જે જે વસ્તુઓની પૃચ્છા કરી હતી એનો ઉત્તર એમ આપી શકાય કે આ જગત જેવી રીતે બ્રહ્મનું એક કાર્ય છે બ્રહ્મના ત્રણ ગુણો સત્, ચિત્ અને આનંદ એમાં સત્ અંશનું વિવિધ રૂપમાં એક પરિણામ છે. એમજ આપણે પણ એજ મૂલ કારણના સત્ અને ચિત્ના વિવિધ રૂપો છીએ. જગત છે પણ એને પોતાની હયાતિનો ખ્યાલ નથી આપણે છીએ અને આપણને આપણી હયાતિનો ખ્યાલ છે. જગતમાંથી ચિત્ અને આનંદ તિરોહિત થયા છે. આપણામાંથી આનંદ તિરોહિત થયો છે આપણા સ્વભાવનું વર્ગીકરણ કરતાં સિધ્ધાંતમાં ત્રણ જાતના સ્વભાવ માનવામાં આવ્યા છે. પરમાત્મનિષ્ઠા, આત્મનિષ્ઠા અને દેહનિષ્ઠા આપણા લૌકિક અસ્તિત્વનું પ્રયોજન બ્રહ્મની રમણની ઈચ્છા જ છે. બ્રહ્મ ક્રીડા કરવા માટે પોતાની ઈચ્છાથી સ્વંય અનેક રૂપ લે છે. એટલે આપણા અસ્તિત્વનું પ્રયોજન મૂલત: વૈયકિત ન હોઈ બ્રહ્મનો મૂલકારણતો પોતાનો સ્વભાવ જ છે. આપણું લૌકિક અસ્તિત્વ તો ફકત એ સ્વભાની અભિવ્યકિત જ છે. જીવ શુદ્ધ સત્ અને ચિત્ ગુણોનો અંશ છે જીવ શુદ્ધ ચૈતન્ય

રૂપ છે જ્યારે દેહ ઇંદ્રીય મન એ શુધ્ધ સત્ રૂપ છે નથી દેહ મિથ્યા કે નથી જીવ મિથ્યા પણ દેહ ઇંદ્રિય કે અંતઃકરણ જે મન સાથે આત્માનો સંબંધ તત્કાલ પૂરતો જ છે એને પોતાનું માની બેસવું કે દેહ ઇંદ્રિય અને મનમાંજ પોતાના અસ્તિત્વની સમગ્રતા સમજવી એ ચૈતન્તનો અવિદ્યા સાથે સંબંધનું પરિણામ છે એ સંબંધ પણ બ્રહ્મની ઈચ્છાથી જ થાય છે અને એ સંબંધનું તુટવું પણ બ્રહ્મની ઇચ્છા પર નિર્ભર છે અને બ્રહ્મ કેવી રીત આ સંબંધને તોડવા માગે છે એ ઈચ્છા જ મુલતઃ આપણો સ્વભાવ બની જાય છે

મૂલસ્વરૂપ

આ પ્રકરણમાં ગ્રંથકાર જડ અને ચેતન સૃષ્ટિના કારણનું વિવેચન કરે છે. સંપૂર્ણ કાર્ય પરંપરાનું આદિકારણ પરબ્રહ્મ છે અને એ પરબ્રહ્મ અન્ય કોઈ નહીં પણ પોતે શ્રીકૃષ્ણ જ છે પરબ્રહ્મનું સ્વરૂપ સત્ ચિત અને આનંદ રૂપ છે. બ્રહ્મ સગુણ છે સાકાર છે અને અનેક દિવ્ય ધર્મ એમાં છે. બ્રહ્મ જાગતિક પદાર્થોથી સર્વથા વિલક્ષણ છે કેમ કે જગતના બધા પદાર્થો એનું જ કાર્ય કરે છે અને બ્રહ્મ અનંત ગુણ, અનંત આકાર અને અનંત ધર્મોવાળું હોવાથી અત્યંત વિલક્ષણ છે શ્રીકૃષ્ણના રૂપે સર્વદા દશવિધ લીલાઓ સાથે છે અનેકત્ર એના અનેક રૂપો છે જેમકે દ્વિભુજ, ચતુર્ભુંજ આદિ રૂપોમાં એ બૃહદ્વન, વૃંદાવન, વ્યાપિવૈકુંઠ આદિ સ્થળો પર તે તે ભકતો સાથે સર્વદા રમણાત્મિક સ્થિતિમાં રહે છે આ પરબ્રહ્મનું ફલાત્મક રૂપ છે. આ જ બ્રહ્મમાંથી કારણ રૂપમી અક્ષર બ્રહ્મનો આવિભાવિ થાય છે. આ આ અક્ષર બ્રહ્મમાં આનંદની સ્થિતિ ગૌણ થઈ જાય છે અને આજ અક્ષરબ્રહ્મથી પુરૂષ પ્રકૃતિરૂપ સંપૂર્ણ સૃષ્ટિનો વિસ્તાર

થાય છે. આ જ કારણરૂપ બ્રહ્મની જીજ્ઞાસા જ્ઞાનીઓને રહે છે અને આજ કારણરૂપ બ્રહ્મની પ્રાપ્તિ બ્રહ્મજ્ઞાનથી જ્ઞાનીઓને થાય પણ અધિકારી ભેદથી આ અક્ષર બ્રહ્મની અનુભૂકિતનો એક બીજો પણ પ્રકાર છે ભકતોને આ અક્ષર બ્રહ્મનું ભાન જગતના કારણ કે ધારક આદિરૂપોમાં ન હોઈ પુરૂષોત્તમના ધામ વ્યાપિવૈકુંઠ આદિ રૂપે થાય છે આવી રીતે જ્ઞાનીઓને સચ્ચિદાનંદ દેશ અને કાલમા અસિમિત સ્વયંપ્રકાશ ગુણાતીત આદિરૂપમાં અક્ષર બ્રહ્મનું ભાન થાય છે જ્યારે ભકતોને વ્યાપિવૈકુઠો રૂપમાં

પુરૂષોત્તમનું એક અન્ય રૂપ પણ છે જેને અંતર્યામી તરીકે ઓળખવામાં આવે છે અંતર્યામીનું કાર્ય જગતનું નિયમન છે. બધા લીલા અવતારો જેમકે મત્સ્ય, કચ્છ્ય, નૃસિંહ ઈત્યાદીનું મૂલ આ છે આજ અંતર્યામી બધા જીવોમાં પણ રહે છે અને જુદા જુદા શરીરોમાં જેવી રીતે જીવ જુદા જુદા રૂપે રહે છે. અને કેવળ જે જીવ સાથે રહે છે એ જીવનું જ નિયમન કરે છે. જીવમાં આનંદ તિરોહિત છે પણ અંતર્યામીના આ રૂપમાં આનંદનો તિરોભાવ નથી થતો એટલે જ આ રૂપને સમગ્ર સચ્ચિદાનંદ હોવાથી બ્રહ્મની કોટીમાં જ ગણવામાં આવે છે. જો કે મૂલ અંતર્યામીના જ આ અંશો છે એટલે મૂલ રૂપને સમષ્ઠિ અંતર્યામી કહેવામાં આવે છે જ્યારે આ રુપને વ્યષ્ઠિ અંતર્યામી કહેવામાં આવે છે. ગુણાવતારો બ્રહ્મ. વિષ્ણુ અને શિવા રૂપના પણ આ જ સમષ્ટિ અંતર્યામી લે છે સંક્ષેપમાં આપણે નીચે પ્રમાણે આને સમજી શકીએ છીએ.



ટ : — = સ્વરૂપાવસ્થા
 = = કાર્યાવસ્થા

વિવેચન

ત્રીજા પ્રશ્નમાં સૃષ્ટિનું મૂલકારણ એનો સ્વભાવ, સ્વરૂપ અને તાનાં કાર્ય સાથેના એના સંબંધની બાબતમાં જીજ્ઞાસા કરવામાંઆવી ી. પત્રાવલંબનમાં આચાર્યચરણનું એક વિધાન મળે છે **ाब्दानामर्थं विचार्यमाणे ब्रह्मैव सर्वं भवति । घटपटादिशब्दा र्ववाचका एव भवितुमर्हन्ति । घटत्व हि वशिष्ठवाचका ह्येत त लोकप्रसिद्धिः । घटत्वामिति घटगतो धर्मः कश्चिद्यत्स- ाद् घटपदवाच्यता धर्मिणः । 'तस्य भावस्त्वतलौ' इति त्वा वप्रत्ययः । भाव इति भूधातोर्घञि रूपम् । भूधातुः सत्तायां ाप्तौ वा । उभयथापि व्यापकस्य सतो वा धर्मस्य वको भवति । घञ च स्वार्थे । अन्यथा अनवस्था स्यात् ा च घटत्वं नाम सतः व्यापकस्य वा धर्म इत्युक्तं भवति पटत्वादिष्वपि तथा च प्रत्ययार्थः सन् व्यापको वा यदा ति तदैव प्रत्ययार्थेनैकवाक्यता भवति ॥"**

આ વિધાનને જોતાં વલ્લભાચાર્યના સિધ્ધાંતમાં મૂલકારણનો સ્વભાવ, સ્વરૂપ અને એના પોતાના કાર્ય સાથેનો સંબંધનો આછો ખ્યાલ મળી જાય છે આચાર્યચરણનું કહેવાનું તાત્પર્ય અહીંયા એ છે કે જગતના કોઇપણ પદાર્થના પ્રત્યયનું વિશ્લેષણ કરીએ ત્યારે એક વસ્તુ સામે આવે છે તે આ કે બધા પ્રત્યયોમાં સત્તાનો અનુગમ છે. દાખલા તરીકે ઘડો, કપડું, મનુષ્ય કે પૃથ્વી એવા કોઇપણ પદાર્થના પ્રત્યયની આપણે પરીક્ષા કરીએ તો એ પ્રત્યયોમાં સત્તા મળી જ આવે છે એટલે દાખલા તરીકે ઘડાના પ્રત્યયમાં આપણને અતિરિકત સત્તાના વિધાનની અપેક્ષા નથી જેમ કે ''ઘડો છે'' એમ કહેવું આવશ્યક નથી કેમ કે ''છે'' થી જે ઘડાની સત્તાનો બોધ કરાવવા માગીએ છીએ તે સત્તાનો બોધ સ્વતઃ ઘડાના પ્રત્યયમાં જ થઇ જાય છે. બીજા શબ્દોમાં કહીયે તો જે વસ્તુ નથી તે ઘડો નથી થઈ શકતી એટલે ઘડાનું ઘડો હોવું એમાં સત્તા છુપાયેલ છે જો કે ઉપર ટાંકેલા વાકયોમાં આ બાબતનો ખુલાસો નથી છતાં પણ નિબંધના મંગલાચરણ **'नमो भगवते तस्मै कृष्णायाद्भुत कर्मणे । रूपनाम विभेदेन जगत् क्रीडति यो यतः ॥**

આ વાકયને જોઇએ તો ખુલાસો મળી જાય છે કે અસત્‌નો પણ જે પ્રત્યય છે એમાં પરોક્ષ અથવા અપરોક્ષ રૂપે સત્તાનો જે કેવળ શાબ્દિક અથવા તો ભ્રાન્તિપૂર્ણ અનુગમ થાય છે તે પરમસત્તા એવા બ્રહ્મના પ્રકાશના લીધે જ અહીંયા સત્તાના અનુગમથી સત્તા ધર્મ છે કે ધર્મી એ એક પ્રશ્ન રહ્યો આચાર્યચરણ કહે છે કે ઘડો, કપડું એ બધા શબ્દો ધર્મવાચક હોવા જોઇએ અર્થાત્ જયારે આપણે "આ એક ઘડો છે" એવું કોઇ વાકય ઉચ્ચારતા હોઇએ છીએ ત્યારે ઘડો એ શબ્દનો અર્થ વ્યકિત ઘડો ન હોઈ ઘડાપણું એવો અર્થ થાય છે, એનો સંસ્કૃતમાં ઘટત્વ એમ અનુવાદ થાય છે એક સામાન્ય ઉદાહરણ તરીકે જો આ શબ્દથી પેદા થતા પ્રત્યયનું આપણે વિશ્લેષણ કરીએ તો એવું થાય કે ઘટ=આકૃતિ અને 'ત્વ'

=ભાવ અર્થાત હોવું એટલે જે છે અને એની જે આકૃતિ છે એ બન્નેનો સંબંધ કેવો હોઇ શકે આચાર્યચરણ યુક્તિ આપે છે કે જો ઘડો પોતે સત્ અને વ્યાપક ન હોય અથવા તો કોઇક સત્ અને વ્યાપકનો ધર્મ ન હોય અથવા તો સત્તા અને વ્યાપકતાનો આશ્રય ન થતો હોય ત્યાં સુધી 'ઘટ' અને 'ત્વ' નો સંબધ નહીં જોડાય અર્થાત ઘડા શબ્દના ઉચ્ચારણથી જે પ્રત્યય આપણી બુધ્ધિમાં ઉત્પન્ન થાય છે એ પ્રત્યયની વ્યાખ્યા બરાબર નહીં થઇ શકે ઉપર કહેલા ત્રણેમાંથી કોઈપણ અર્થને પકડીએ તો આ સમગ્ર નામરૂપાત્મક જગતનું સત્તાના અદ્વૈતના પ્રત્યયમાં પર્યવસાન થાય છે આ જ અદ્વૈતરૂપ સત્તા બ્રહ્મ છે એ ઉપનિષદોના બ્રહ્મને સમગ્ર સત્તાનો આધાર અથવા તો સત્ય કહેનારા વચનોના આધારે સિધ્ધ થાય છે એ બ્રહ્મનો સ્વભાવ કેવળ સત્તા જ નથી કિંતુ જ્ઞાન પણ છે અને આનંદ પણ છે એટલે બ્રહ્મનો સ્વભાવ સત્ ચિત્ આનંદ=સચ્ચિદાનંદ સિધ્ધ થાય છે એ દેશકાલાતીત છે અને દેશ, કાલ, ક્રિયા ને દ્રવ્ય એ એના જ વિવિધ રૂપો છે પોતાના કાર્ય સાથેનો એનો સંબંધ ભેદ ઘાટ ઘાટંત હોવા છતાં અભેદાત્મક જ છે કેમકે ભેદ સ્વાભાવિક ન હોઈ એ પોતાના સામર્થ્યથી અથવા તો સ્વભાવથી નિર્મિત થયેલુ છે આમ કહેતા બે વિરોધી ધર્મો આપણને એ કારણની કલ્પના સાથે જોડવા પડે છે પણ કારણની કલ્પના આપણી સ્વછંદ ન હોઇ શ્રૌત પ્રમાણ ઉપર આધારિત હોવાથી પ્રામાણિક છે બ્રહ્મને એટલા માટે જ તો ઉપનિષદોએ વિરૂધ્ધધર્માશ્રય તરીકે વર્ણવેલું છે એટલે જ નિબંધમા આચાર્યચરણ કહે છે "**अनंतमूर्ति तद् ब्रह्म ह्यविभिक मत्**"

આ અભેદમાં પણ ભેદના સંબંધને દર્શનશાસ્ત્રોમાં "**तादात्म्य संबंध**" કહેવામાં આવે છે એટલે કાર્ય સાથે કારણનો સંબંધ પણ આપણે ત્યાં આ **तादात्म्य** નો છે.

શંકર ભાષ્યમાં દ્વિતીયાધ્યાય પ્રથમવાદના ૧૪ માં સૂત્રની ટીકામાં વાચસ્પતિમિશ્ર કહે છે "**न खल्वनन्यत्वमित्य भेदं ब्रू: किंतु भेदं व्यासेधामः ततश्च नाभेदाश्रय दोष प्रसङ्गः ।** અહીંયા શાંકર દર્શનમાં જે અભેદનો અસ્વીકાર કરવામાં આવ્યો છે એ **तादात्म्य** રૂપ અભેદ છે અને એજ આપણો સિધ્ધાંત છે શુધ્ધાદ્વૈતનો અર્થ પણ આ જ **तादात्म्य** સંબંધના અર્થને સમજવાથી સમજી શકાય છે કાર્યકરણ વચ્ચેનો અર્થાત બ્રહ્મ અને જગતની વચ્ચે-અને બ્રહ્મ અને જીવન વચ્ચેનો અથવા તો જીવ અને જગત વચ્ચેનો જે સંબંધ એને તાદાત્મ્ય કહી શકાય છે. આ બ્રહ્મ વ્યાપક હોવા છતાં કૃષ્ણના રૂપમાં એક વ્યકિત છે અને કૃષ્ણ પોતે શુદ્ધસાકાર હોવા છતાં વ્યાપક પણ છે જ. આ પણ વિરોધ હોવા છતાં યે શ્રૌત હોવાથી પ્રામાણિક છે.

પુષ્ટિવિવેક

પુષ્ટિ એટલે ભગવાનને અનુગ્રહ અર્થાત ભગવાનનો જ એક વિલક્ષણ ધર્મ એક સ્વભાવ. આથી કોઈપણ જાતનું લૌકિક કે અલૌકિક ફલ સિધ્ધ થાય છે એટલા માટે જ્યારે કોઇક સાધનરહિત અધિકારીને કોઇ શ્લાધ્યતમ ફલ મળેલું જોઇએ ત્યારે ભગવાનનો અનુગ્રહ એના ઉપર થયો છે એવું અનુમાન થાય જેમકે આજીવન નિંદિત કર્મમાં રત હોવા છતાં અજામિલનો ભગવાને ઉધ્ધાર કર્યો વિશ્વરૂપ દધિચિ વૃત્ત જેવા કર્મિષ્ઠ જ્ઞાની અને ભકતને મારનાર ઈંદ્રનું કોઇપણ અનિષ્ટ થયું નહીં એનુ કારણ ભગવાનની કૃપા જ હતી. આ અનુગ્રહ થકી ચારે પુરૂષાર્થ સિધ્ધ થઇ શકે છે, સહસ્રાર્જુન ભગવાનની કૃપાથી રાજા બન્યો, દેવહૂતિને મુકિત ભગવાનની કૃપા થકી મળી જે ત્યાં યોગનું વર્ણન કરવામાં આવ્યું છે એ તો અનુગ્રહનું કેવળ નિમિત્ત કે વ્યાપાર છે. જેમકે અજામિલના ઉદાહરણમાં એનું ભગવાનનું નામ લેવું એ નિમિત્ત બની ગયું. લોકદ્રષ્ટિમાં આ અનુગ્રહનું સામાન્ય સ્વરૂપ છે અનુગ્રહનું વિશેષ સ્વરૂપ આ ચારે પુરૂષાર્થને નહીં પણ ભકિતનું દાન આપનારૂં

છે. **એટલે એ વિશેષ અનુગ્રહથી મળેલી ભક્તિને પુષ્ટિભક્તિ** કહેવામાં **આવે છે આ પુષ્ટિભક્તિ** ભગવાનના **અનુગ્રહથી** જ મળે છે. **એટલે કાર્યભક્તિને જોઈ કારણ અનુગ્રહનો અનુમાન** કરેવું **એનો** નિર્ધાર પુષ્ટિપ્રવાહ મર્યાદામાં કરવામાં આવ્યો છે. ભક્તિના બે પ્રકાર હોય છે. મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ, પુષ્ટિભક્તિ એટલે જે ભક્તિમાં ભક્તને ભગવાન સિવાય બીજું કોઈ ન જોઇએ અને અને કેવળ ભગવાન જ જોઇએ એવો સ્નેહ.

પુષ્ટિભક્તિના ચાર પ્રકાર થાય છે (૧) શુદ્ધપુષ્ટિ (૨) પુષ્ટિ-પુષ્ટિ (૩) મર્યાદાપુષ્ટિ (૪) પ્રવાહપુષ્ટિ.

પુષ્ટિપુષ્ટિ ભક્તો ઉપર ભગવાન એવો અનુગ્રહ કરે છે કે ભજન માટે ઉપયોગી પ્રભુ, પ્રભુની લીલા એ લીલાનો પરિકર અને પ્રપંચ એ બધાનુ જ્ઞાન એમને થાય છે. સારાંશમાં બધીજ વસ્તુઓના યથોક્ત સ્વરૂપને જાણીને જે ભજન કરે છે તે પુષ્ટિના ભક્તો કહેવાય છે. મર્યાદાપુષ્ટિના ભક્તો વિષયાસક્તિને છોડી ભગતકથા શ્રવણાદિમાં પ્રવૃત થાય છે કેમકે મર્યાદા રાગાત્મિક વિષય પ્રવૃત્તિમાંથી છોડાવી જીવને નિવૃત્તિમાર્ગ તરફ લઇ જનારી છે. પ્રવાહપુષ્ટિના ભક્તો પ્રવાહ અહંતામમતાત્મક સંસારરૂપ હોવાથી એ ધર્મને લીધે કેવળ ક્રિયામાં રૂચિ લેનારા થાય છે પણ પુષ્ટિભક્ત હોવાથી ભગવદ્ ઉપયોગી ક્રિયામાં રસ ધરાવે છે શુદ્ધ પ્રેમ અથવા તો શુદ્ધ પુષ્ટિભક્તિના ભક્તોમાં કેવળ પ્રેમજ પ્રધાન હોય છે: અને ભગવાનની સેવા કે ભગવાનના ગુણગાન કેવલ સ્નેહવશ જ એ કરતા હોય છે આવા ભક્તો અત્યંત દુર્લભ છે:

હરિરાયજીએ જે પુષ્ટિભક્તિનું કારિકાઓમાં નિરૂપણ કર્યું છે તે ઉત્તમ શુદ્ધ પુષ્ટિભક્તિના અધિકારીઓને જ લાગુ પડે એવું છે.

અધિકાર વિવેક

અધિકારવિવેકમાં પુષ્ટિભક્તિમાર્ગમાં કોનો અધિકાર એનો

વિચાર કરવામાં આવ્યો છે ત્યાં "**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया बहुना श्रुतेन । यमेवैश वृणुते तेन लभ्य :** આ શ્રુતિ મુજબ જેના ઉપર ભગવદ્ કૃપા થાય છે તે જ પુષ્ટિભક્તિ માર્ગનો અધિકારી થઈ શકે છે કૃપાને આપણે જોઈ નથી શકતા પણ કૃપાનું કાર્ય જે પુષ્ટિમાગમાં રૂચિ એને આપણે જોઈ શકીયે છીએ તેને જોઇને કૃપાનું અનુમાન થઇ શકે છે કેમકે ભગવાનની કૃપા વિના પુષ્ટિમાર્ગમાં રૂચિ ઉત્પન્ન થાય જ નહીં એટલે પુષ્ટિમાર્ગીય ફલના દાનની ઇચ્છાથી જે જીવ ભગવાનનો કૃપાપાત્ર બને છે અને બનવાથી જેને પુષ્ટિમાર્ગમાં રૂચિ ઉત્પન્ન થાય છે એવો કોઇપણ જીવ અધિકારી છે. આ રૂચિની ઉત્પત્તિનો પ્રકાર આમ છે દૈવી જીવોમાંથી જેને ભગવાન પુષ્ટિમાર્ગમાં સ્વીકારવા માગે છે એને ભગવાનની જ કૃપાથી સત્સંગ મળે છે અને ભગવાનની જ કૃપાથી સેવા આદિથી યથા સંભવ શ્રવણ અને તનુજા સેવાના લીધે ભજનાનુભવના કારણે આ માર્ગમાં રૂચિ ઉત્પન્ન થાય છે અને માર્ગમાં રૂચિ લીધા પછી જે શ્રવણ કીર્તન આદિ થાય છે તેને લીધે ચિત્તમાં ભગવદ્ આવેશ થાય છે તેની ચિત્ત શુદ્ધ થાય છે અને આમ શ્રવણ આદિની પદ્ધતિ ચાલુ રહેવાથી ભગવાનમાં રૂચિ ઉત્પન્ન થઈ જાય છે આ રૂચિ પરોક્ષ રૂચિ છે એટલે પહેલી કક્ષાની કહેવાય આ રૂચિ અને રૂચિથી થતું શ્રવણ અને શ્રવણથી ઉત્પન્ન થતો સ્નેહ એમ આ ત્રણે ભક્તિના જ ત્રણ પાસાઓ છે અને આ પરોક્ષ રૂચિથી અને શ્રવણાદિના આ વર્તનોથી ભક્તિવર્ધિનામાં કહેલો બીજભાવ વૃદ્ધ થાય છે અને શ્રવણાદિના આ વર્તનો સાથે આગળ વધતા એ ભાવ ભગવાનની અંતઃસ્ફૂર્તિ કરાવે છે અંતઃસ્ફૂર્તિથી ભગવાનમાં જીવની રૂચિમાં હજીય વધારો થાય છે. અને ત્યારે એને અપરોક્ષ રૂચિ કહેવામાં આવે છે આ આવી જાતની રૂચિ સાથે પાછળથી જે શ્રવણકીર્તન સેવા આદિ કરવામાં આવે છે તેથી બીજભાવમાંથી પ્રેમાંકુર ફૂટી

આવે છે આ સ્નેહ ભગવાન સિવાયની બધી વસ્તુઓમાંથી જીવનો અનુરાગ હટાવી દે છે અને આમ સેવા અને શ્રવણના આવર્તનોથી વધતો જતો એ જ સ્નેહ આશકિતનું રૂપ લઈ લે છે આ અવસ્થા ઉપર આવીને જીવને ભગવદ્-સબંધ રહિત બધા જ પદાર્થોમાં બાધકતાનો ભાસ થવા લાગે છે અને વધતાં વધતાં એક દિવસ એજ આશકિત વ્યસનમાં પરિણત થઈ જાય છે બધા દેહના ધર્મો ભૂલાઇ જવાય છે આનું જ નામ માનસી સેવા છે. વ્યસન એ ભકિતની ઉંચામાં ઉંચી કક્ષા છે અતઃપ્રેમની પરિપકવ અવસ્થા વ્યસન છે આ વ્યસનને લીધે સર્વત્ર પુરૂષોત્તમનું ભાન થવા લાગે છે સર્વત્ર ઉત્કટ સ્નેહ ઉભરાઇ જાય છે આને જ સર્વોત્તમભાવ કહેવામાં આવે છે આ સિદ્ધિ થતાં જ અંદર અને બહાર બધે જ ઠેકાણે પુરૂષોત્તમનો આવિર્ભાવ થાય છે સેવાફલમાં કહેલું અલૌકિક સામર્થ્ય અહીંયા આવીને મળે છે આ શુદ્ધપુષ્ટિનો પ્રકાર થયો ચાર પ્રકારના પુષ્ટિભકિતના હિસાબે અધિકારીના પણ ચાર પ્રકાર થાય છે અને એમનું ફલ પણ જુદું જુદું હોય છે જો કે આ બધા જ ફલો માટે એક સામાન્ય નામ નિત્યલીલા પ્રવેશ માનવામાં આવ્યું છે મોડાવહેલા બધા જ પુષ્ટિભકતો નિત્યલીલામાં પ્રવિષ્ટ થવાના છે બાકીના બે ફલો જે સેવાફલમાં બતાવ્યા છે સાપુજ્ય અને સેવાપયોગી દેહ એ મર્યાદા ભકતોના છે મર્યાદા ભકિત માટે પણ કોઈક વખત પ્રેમ શબ્દનો વ્યવહાર થાય છે પણ એ પ્રેમ ભગવાન મોક્ષ આપનાર છે એવી બુદ્ધિના કારણે ઔપાધિક છે જ્યારે પુષ્ટિમાર્ગીયોનો પ્રેમ નિરૂપધિક હોય છે કેમકે એમને સાલોકય, સારૂપ્ય, સમીપ્ય કે સાપુજ્ય કોઇપણ જાતના મોક્ષની ભગવાનના સિવાય અપેક્ષા નથી એટલે એમને ત્યાં મુકત થયા વગર કેવલ ભગવાનનો જ બધી રીતે અનુભવ કરવો આ જ અલૌકિક સામર્થ્યને નિત્યલીલા પ્રવેશ કહેવામાં આવે છે આવા ફલ આપનારા ભકિતના પ્રવર્તક વ્રજભકતો છે અને પુષ્ટિમાર્ગના અધિકારી એમનું જ અનુસરણ કરે છે.

સર્વાત્મભાવ

ભગવાનના મળવામાં સર્વાત્મભાવ મુખ્ય હેતુ થાય છે. ભગવાનમાં આપણા ઉપાધિ રહિત સ્નેહની જ એક ઉચ્ચત્તમ અવસ્થા સર્વાત્મભાવ છે આત્મામાં આત્માનો સ્નેહ કોઈપણ બાહ્ય કારણ થકી નથી હોતો પણ સહજ હોય છે પણ એ સહજ સ્નેહ પણ આત્મામાં એટલા માટે હોય છે કે આત્મામાં પણ પરમાત્મા છુપાઇ બેઠો છે. આ જો આપણા સમજવામાં આવે અને આપણો સહજ સ્નેહ ભગવાન તરફ વળી જાય તો જે દુનિયાના પદાર્થો યથાર્થમાં ભગવદ્ રૂપ જ છે પણ જેમની ભગવદ્રુયતા દેખાતા નથી એ આપણને આ સ્નેહને લીધે દેખાવા માંડશે ત્યારે સર્વત્ર આપણને આત્મભાવ અથવા તો ભગવદ્-ભાવ જાગૃત થશે સ્નેહની આ જ અવસ્થાનું નામ સર્વાત્મભાવ છે કેમકે સર્વાત્મભાવના મર્યાદાભકિત અને પુષ્ટિભકિતમાં જુદા જુદા રૂપો છે પુષ્ટિભકિતમાં આ ભાવ ભગવત્ વિરહનો અનુંભવ જ્યારે જીવને થાય ત્યારે અત્યંત ગાઢ ભાવને લીધે સર્વત્ર જે ભગવાનની સ્ફૂર્તિ થવા મંડે છે ત્યારે થાય છે છતાં આ ભાવ સ્થાયી નથી હોતો એટલે જ રસશાસ્ત્રની દ્રષ્ટિએ આને સંસારી ભાવ કહેવામાં આવે છે. મર્યાદાભકિતનો સર્વાત્મભાવ પણ પુષ્ટિભકિતના સર્વાત્મભાવની જેમ પોતાની ભકિતની સર્વોત્તમ અવસ્થા છે.

વિવેચન

ચોથા પ્રશ્નમાં સર્વપ્રથમ આ સમગ્ર સૃષ્ટિના મૂળ પ્રયોજનની પૃચ્છા છે. આપણા સિદ્ધાંતમાં સમગ્ર સૃષ્ટિનું મૂળ પ્રયોજન સૃષ્ટિનું મૂળ પ્રયોજન સૃષ્ટિના આદિકારણથી બાહ્ય ન હોઈ શકે કેમકે બાહ્ય માનતાં શુદ્ધાદ્વૈતનો સિદ્ધાંત બરાબર ન જળવાય. કોઈપણ આચરણનું પ્રયોજન તાર્કિક દ્રષ્ટિએ આચરણ કરનાર, આચરણ અને એનું પ્રયોજન એ ત્રણેના ભેદ વગર નથી સંભવતું પણ

આપણે ત્યાં શ્રુતિના આધારે સૃષ્ટિ રચનાનુ પ્રયોજન આગંતુક ન હોઈ સ્વભાવિક જ માનવામાં આવ્યું છે દર્શનોમાં સ્વભાવવાદનો પણ એક મત છે આ સંદર્ભમાં સ્વભાવના બે અર્થ થઈ શકે કાર્ય અને કારણના વિચાર કરતાં આગંતુક કોઇપણ કારણ ન માની વસ્તુ પોતાના સ્વભાવથી જ ઉત્પન્ન અને નષ્ટ થાય છે એમ એક વ્યાખ્યા સ્વભાવવાદની આપી શકાય, બીજું કોઇપણ અસ્તિત્વમાં આવનારી અથવા અસ્તિત્વ ધરાવનારી વસ્તુનું પ્રયોજન જ્યારે આગતુક ન માનીને ઉત્પન્ન થતી કે હયાત વસ્તુમાં જ એનું પ્રયોજન પણ માનવામાં આવે તો એ પણ સ્વભાવવાદ જ કહેવાય છે. આપણો મત સ્વભાવવાદનો નથી કેમકે આપણા મત પ્રમાણે જગતની ઉત્પત્તિ જગતના સ્વભાવના લીધે જ નથી થઇ પરંતુ બ્રહ્મની રમણ કરવાની ઈચ્છાના કારણે થઈ છે. એમ જ જગતની ઉત્પાત્ત કે સ્થિતિનું પ્રયોજન પણ જગતમાં નથી પણ બ્રહ્મની રમણ કરવાની ઈચ્છા એજ જગતનું પ્રયોજન છે એટલે જ આપણે ત્યાં કારણના સ્વભાવ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જગત જે કાર્ય છે એનો સ્વભાવ જગતની ઉત્પત્તિ અથવા તો સ્થિતિના પ્રયોજનનો નથી ઘડતું અને કારણનો સ્વભાવ પણ જડકારણનો સ્વભાવ નથી પણ ચેતન કારણનો સ્વભાવ છે અને (એટલે જ જગત અને બ્રહ્મના કાર્યકારણ સંબંધમાં ઐચ્છિક દ્વૈત માનવામાં આવ્યું છે, એથી એ ઉપર આનંદાત્મક કારણનું સ્વભાવ છે. એટલા માટે જ શાસ્ત્રાર્થપ્રકરણના ૧૮માં શ્લોકના આવરણ ભંગમાં પુરૂષોતમજી "देवस्यैष स्वभावोऽयमाप्तकामस्य का स्पृहा" इति सिद्धान्त उक्तः। तत्रापि क्रीडाकरणमेव स्वभावो वक्तव्यः। अन्यथा "सद्वितीयमैच्छदि" ति, "क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतंते" इत्यादिश्रुतिस्मृतिनां विरोध प्रसक्तेः। न चाप्तकाम श्रुतिविरोधः। विरूद्धधर्माश्रयत्वेन तदभावात्। स्पृहाया अभिध्या रूपत्वेन, लौकिकतुल्य स्पृहाया एभावाच्च "।

—માટે કારણ આનંદરૂપ છે અને આનંદના છ મુખ્ય ધર્મો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, તપ અને વૈરાગ્ય માનવામાં આવ્યા છે. એટલે બ્રહ્મના આ આનંદના પાસાના લીધે જગતનું પ્રયોજન એ બ્રહ્મનું રમણ જ માનવામાં આવ્યું છે આ આપણે બ્રહ્મસૂત્ર 'पराभिध्यानात्तुतिरोहितम् ततोहि अस्य बंध विपर्ययो (૩–૨–૬) ના ભાષ્યથી સમજી શકીએ છીએ. ભાષ્યકાર ત્યાં આ ઉપર કહેલા છ ધર્મોને ને આનંદદંશના તિરોહિત થવાથી તિરોહિત થવાનું વિધાન કરી કહે છે "अतोऽस्मिन प्रस्तावे जीवस्य धर्म तिरोभाव उक्तः अन्यथा भगवत ऐश्वर्यालीला निर्विषया स्यात्।" બ્રહ્માનું આનંદાત્મક હોવું બ્રહ્મને ઇશ્વર બનાવે છે ઇશ્વર 'રૂશીતવ્ય' વગર ન હોય એટલા માટે ઐશ્વર્યલીલા એ બ્રહ્મ સ્વભાવ છે અને એજ સ્વભાવ જગતનું પ્રયોજન પણ છે.

આ પ્રયોજન સાથે આપણી વૃત્તિ, પ્રવૃત્તિ અને વ્યવહારના સંબંધનું નિરૂપણ "एषौंएव साधुकर्म कारपति तम् चमेभ्यो लोकेभ्य उन्निषयति एषौ एव एनम् असाधुकर्म कारयति तम् यमेभ्यो तम यम् अश्वोनिनिषति एव लोकपाल एव लोकाधिपति एव सर्वेष : सम आत्मेति विधात् (दौशनकी ब्रह्मोपनिषद्)

અહીંયાં બ્રહ્મને જે જીવની સાથે અથવા જે જીવના રૂપમાં જેવું રમણુ કરવું હોય છે તેના વ્યવહાર વૃત્તિ કે પ્રવૃત્તિ પણ તદનુસાર સ્વભાવિક જ થાય છે, તેવું તે જીવનું વ્યવહાર વૃત્તિ અને પ્રવૃત્તિ આ લોકમાં આપણને દેખાશે બ્રહ્મની મૂલ જે રમણની ઇચ્છા એજ ઇચ્છાના અનેક રૂપો આપણી વૃત્તિ આપણી પ્રવૃત્તિ આપણી ઈચ્છા અથવા આપણા વ્યવહારના હેચ્છિક દ્વૈતના રૂપમાં અભિવ્યક્ત થાય છે મૂળ રમણેચ્છા બ્રહ્મની માફક અખંડ છે અને આપણી

વૃત્તિ પ્રવૃત્તિ કે વ્યવહાર એના અવતાર રૂપો છે. એટલે કર્મ સ્વાતંત્ર્ય કે ઇચ્છા સ્વાતંત્ર્ય કે ફલસ્વાતંત્ર્ય એનો જીવ તૃષ્ટિએ વિચાર કરવા જતાં જુદુ સ્વરૂપ આવશે અને મૂળ પ્રયોજનની દ્રષ્ટિથી વિચારતાં એનું જુદું સ્વરૂપ સામે આવે છે જીવદ્રષ્ટિના વિચારથી આપણે કર્મમાં સ્વતંત્ર છીએ ઇચ્છા કરવા માટે સ્વતંત્ર છીએ અને આપણા કર્માનુસાર આપણને ફળ પણ પ્રાયઃ મળશે જ પણ આ દ્રષ્ટિ ઐચ્છિક દ્વૈતના લીધે ઉદ્‌ભવે છે. મૂલ પ્રયોજનનું વિચાર કરતાં બધુ બ્રહ્માધીન છે. પહાડ ઉપરથી પડતો પથ્થર જો ચેતન હોય અને એમ વિચારે કે હું કેટલા આનંદથી સ્વતઃ નીચે ગબડી રહ્યો છું ત્યાં આ પથ્થરનું ઇચ્છા સ્વાતંત્ર્ય ને ફલસ્વાતંત્ર્ય પણ કેવળ પોતાની દ્રષ્ઠિથી જ છે. બીજા જોનારા જુએ છે અને માને છે કે પથ્થરનું ગબડવું એ એની નિયતિ જ છે. કર્મનું શુભ કે અશુભ હોવું પણ શાસ્ત્રોના વિધિ-નિષેધના માપદંડથી માપી શકાય છે. બ્રહ્મદ્રષ્ટિથી તો બધુ રમણ જ છે. એટલે જ આપણે ત્યાં 'કર્તા કારપિતા હરિઃ નો સિદ્ધાંત માનવામાં આવ્યો છે એટલે જે આપણો અને બ્રહ્મનો સંબંધ તેજ સૃષ્ટિના મૂલ પ્રયોજન સાથે આપણી વૃત્તિ, ઇચ્છા કે વ્યવહારનો સંબંધ છે એમ નિષ્કર્ષ તારવી શકાય.

“ફલવિવેક”

અહીંયાં પુષ્ટિમાર્ગના ફલનો વિચાર કરવામાં આવ્યો છે આ વિચાર બે રીત થઈ શકે છે એક જે પૃષ્ટિમાર્ગના મુખ્ય અધિકારી વ્રજભક્તો છે તેમને મળેલું જે ફલ એના સ્વરૂપનો વિચાર અને બીજું જે આધુનિક પુષ્ટિમાર્ગીયો છે એમને જેવો ફલાનુભાવ થાય છે એ ફલના સ્વરૂપનો વિચાર **'निरोधोरयांनुशयनं आत्मनः सह शक्तिभिः'** ભગવાનની પોતાની શક્તિઓ સાથે

પ્રપંચમાં જે ક્રીડા તેને નિરોધ કહેવામાં આવે છે આ નિરોધની લીલાના ત્રણ પ્રકાર થાય છે કેમકે જે ભક્તોનો નિરોધ કરવો છે તે તામસ રાજસ અને સાત્વિક એમ ત્રણ પ્રકારના હોય છે એટલા માટે એમના મનને પોતાનામાં નિરુદ્ધ કરવા માટે જે લોકાનુસાર લીલા ભગવાન કરે છે એ પણ ત્રણ જાતની થઇ જાય છે કેમકે જેનો જે સ્વભાવ હોય એ સ્વભાવમાં જ એનો નિરોધ નિરોધ કરવાનો હોય છે એ વિવિધ લીલાથી જે ભક્તોને પ્રપંચનું વિસ્મરણ થાય અને ભગવાનમાં આસક્તિ થાય એને પણ નિરોધ કહેવામાં આવે છે કોનો નિરોધ, ક્યાંથી નિરોધ અને ક્યાં નિરોધ આ ત્રણે આકાંક્ષાના પૂર્તિ ભક્તોનો પ્રપંચથી ભગવાનમાં નિરોધ એટલે પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભક્તની ભગવાનમાં આસક્તિ એ નિરોધનો અર્થ સિદ્ધ થાય છે એમાં ભક્તનો નિરોધ અને ભગવાનમાં નિરોધ એતો અર્થાત જ સિદ્ધ થઇ ગયો જ્યારે પ્રપંચવિસ્મરણ એ નિરોધમાંનો 'નિ' ઉપસર્ગથી મળે છે. અને આશક્તિ એટલા માટે કહેવામાં આવે છે કેમકે આ નિરોધ અત્યંત રૂચિર એવા ભગવાનની લીલાને કારણે ઉત્પન્ન થાય છે અને એટલા જ માટે પરમ સુખરૂપ હોય છે. અન્યથા કેવળ જો નિગ્રહ હોય તો આસક્તિ ન કહેવાય એમ બધું મેળવીને નિષ્કૃષ્ટ લક્ષણ **'प्रपंचविस्मृतिपूर्विका भगवदासक्ति : निरोध** એમ એની પરિભાષા કરવામાં આવી છે. આ નિરોધની લીલામાં ભક્ત અને ભગવાન બન્નેનો નિરોધ થાય છે આવો નિરોધ જે લીલા થકી થાય એવા પ્રપંચમાં ભગવાનની લીલાને પણ નિરોધ કહેવામાં આવે છે આ ભગવાનનો નિરોધ અને લીલાના કારણે ભક્તની જે ભગવાનમાં આશક્તિ બંધાઈ જાય તે જીવનો નિરોધ છે

આ બંને જાતના નિરોધનું પ્રતિપાદન દશમ સ્કંધમાં કરવામાં આવ્યું છે. દશમ સ્કંધના તામસ પ્રકરણથી આ

લીલાનું અને આ આશકિતનું વર્ણન શરૂ કરવામાં આવ્યું છે. વ્રજભકતોનું તામસત્ય ત્રણ જાતનું કહી શકાય (૧) અવિહિત ભકિતના રસાનુભાવ માટે સાધન બની શકે એવું એક પારિભાષિક તામસત્વ છે. (૨) બીજું તામસત્વ એક વિલક્ષણ ધર્મ છે (૩) ત્રીજુ તામસત્વ ભગવાનની માયાથી થાય છે.—

(૧) આ પારિભાષિક તામસત્વના કારણે ભકતને પોતાના મનોરથને અનુકુળ એવી લોક સદૃશ ભગવાનની લીલામાંજ રૂચિ હોય છે તેનાથી ભગવાનનો વિયોગ નથી સહન થતો ભગવાનના બાહ્ય દર્શનની જ ઉત્કૃષ્ટ અભિલાષા રહે છે આવી હઠ તામસત્વના લીધે થાય છે લોકમાં પણ જ્ઞાનરહિત મુગ્ધ હઠ કરનારાઓ માટે તામસ શબ્દનો પ્રયોગ થાય છે જ્ઞાનરહિત હોવાથીજ લોકમર્યાદા શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન આવા લોકો કરે છે વ્રજના ભકતોનું પણ ભગવાન માટે અત્યંત આગ્રહ છે લીલામાં જેનો ઉપયોગ નથી એવું કોઈ જ્ઞાન પણ એમનામાં નથી આ તામસત્વ તામસપ્રકરણમાં વર્ણવેલા બધાજ ભકતોમાં સમાન રૂપથી મલી આવે છે.

(૨) આ એક ભાવ છે જેવી રીતે જે ભાવને લીધે

'**शरदुदाशये साधुजातसत्सरसीजोदरश्रीमुषा दृशा ।**
सुरतनाथ ते शुल्कदासीका वरद निन्घतो नेह किं वधः ॥'

આવા ઉદ્ગારો પ્રગટ થાય છે આવા જ વિલક્ષણ સાત્વિક અને રાજસ ભાવો પણ છે એટલા માટે જ તામસ પ્રકરણમાં પણ કોઇક ગોપિકાનો ભાવ રાજસ હોવાને લીધે એને રાજસી કહેવામાં આવે છે એમ જ સાત્વિકભાવના લીધે કોઇકને સાત્વિકી અને કોઇકને નિર્ગુણા પણ કહેવામાં આવે છે આ બધા ભાવોનો ભેદ છે.

(૩) ભગવાનના માયાના કાર્યને પણ તામસ કહેવામાં આવે છે આ માયા લીલાસૃષ્ટિના જે જીવો છે એમનાથી સંબંધ ધરાવનારી

છે એટલે જ કોઇક વખતે એમને પશુપુત્રગૃહ ઇત્યાદીમાં આસકિત ઉત્પન્ન કરે છે કોઇક વખન ભગવત્ વિસ્મૃતિ ઉત્પન્ન કરે છે કોઇક વખત બીજા માયિક ધર્મોની ભગવાનમાં પ્રતીતિ કરાવે છે આવી રીતે આ માયાનું કાર્ય જે તામસત્વ એ દોષરૂપ હોવાથી ભગવાન પોતાની લીલા દ્વારા નિવૃત કરે છે આ બધાનું પ્રયોજન ભગવ-મહાત્મ્યનું જ્ઞાન કરાવવાનું છે તાસમ પ્રકરણની લીલા જ્યારે સંપૂર્ણ થાય છે ત્યારે આ માયાનું કાર્ય તામસત્વ સર્વથા નિવૃત થઇ જાય છે. અને તામસ ભકતો ભગવાનમાં સર્વથા નિરૂદ્ધ થઇ જાય છે. પછી જ પારિભાષિકે પહેલુ તામસત્વ બનાયું એ જો ચાલુ રહે તો ભગવાનને પણ તદનુકુલ જ લીલા કરવી પડે એટલે પ્રભુએ પ્રથમ તામસત્વ પણ વ્રજભકતોમાંથી દૂર કર્યું એટલે ભગવાનનો વિયોગ સહન ન થવું લોકવેદની મર્યાદાનું ઉલ્લંઘન કરવું એવા સ્વભાવનો દ્યોતક જે પારિભાષિક તામસત્વ છે તે ત્યાંથી નિવૃત્ત થાય છે અને રાજસપ્રકરણમાં રાજસત્વનું વર્ણન કરવામાં આવ્યું છે રાજસત્વ મનમાં વિક્ષેપ કરનારૂ છે એટલે જ કોઇક વખતે ભકતને એમ લાગે કે ભગવાનનો વિયોગ છે જ નહીં અને કોઇવખત અત્યંત વિરહાતુરતા આવી જાય અને ભગવાનના વિરહના અનુભવથી પુનઃ ખેદ થાય એમ જ્યાં સુધી રાજસત્વ છે ત્યાં સુધી જ્યારે વિરહ ન જણાય ત્યારે સુખાનુભૂતિ થાય અને જ્યારે વિરહનો અનુભવ થાય ત્યારે દુખાનુભૂતિ થાય એમ રજોગુણના સતત વિક્ષેપથી પારિભષિક રાજસત્વ ભકતોનું વર્ણવવામાં આવ્યું છે આ પારિભાષિક રાજસ ભાવ પણ નિવૃત્ત થઇ જાય છે અને ત્યારે સાત્વિક ભાવ ઉદિત થાય છે એટલે એ પ્રકરણમાં ભકતોને સાત્વિક કહેવામાં આવ્યા છે. સાત્વિકભાવના ઉદયથી જ્ઞાન સ્થિર થયું એટલા માટે જ કુરૂક્ષેત્રના પ્રસંગમાં ભગવાનના સામે આવતાં પણ વ્રજઆગમનની પ્રાર્થના ભકતોએ ન કરી. સાત્વિક ભાવની નિવૃત્તિ પછી નિર્ગુણાવસ્થા આવે છે અને એથી ભગવદ્રુપ થતાં નિત્ય લીલામાં પ્રવેશ થાય છે જે મુકિતના રૂપમાં એકાદશ સ્કંધનો વર્ણ્ય વિષય

છે. મુકત થતા બધું જ રમણ આદિ પુરૂષોત્તમાત્મક થઇ જાય છે તેથી એને આશ્રય કહેવામાં આવ્યો જેનું પ્રતિપાદન દ્વાદશ સ્કંધમાં છે આમ મુખ્ય અધિકારી આ વ્રજભકતોનો ફલાનુભનો પ્રકાર થયો.

હવે પુષ્ટિમાર્ગના આધુનિક ભકતોના ફલાનુભવનો પ્રકાર આપણે જોઈએ. ભગવાનથી આ બાબતનું જ્ઞાન એ રીતે આપણને મળે છે જેમાં એકને વાચનિક અને બીજાને આર્થિક (આધ્યાત્મિક) અર્થ કહેવામાં આવે છે વાચનિક એટલે જે શબ્દોમાં ભગવાનના પુષ્ટિમાર્ગીય સ્વભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે જ્યારે ભગવાનની અનેકવિધ લીલાઓનાં તાત્પર્યનો વિચાર કરતા જે વાત સામે આવે તેને આર્થિક કહેવામાં આવે છે જેમકે '**अहं भक्त पराधिनः**' આ ભગવાનના બચનથી વાચનિક નિર્ણય આપણને મલી આવે છે કે ભગવાન ભકતોને આધિન છે જ્યારે કે "**गोपीभिः स्तोभितो नृत्यत भगवान ।**" આ વાકયમાં ગોપીકાઓના કહેવાથી ભગવાને જે નૃત્ય કર્યું એનું તાત્પર્ય વિચારતાં ભગવાન પુષ્ટિભકિતથી જીવના વશમાં થઇ જાય છે એવો બોધ થાય છે આ બધું સુબોધિની અને નિબંધાદિકમાં તો તે લીલાઓમાં આધ્યાત્મિક પક્ષરૂપે વર્ણવામાં આવ્યા છે. આ સંદર્ભમાં આધુનિક પુષ્ટિભકતોને ફલ કેમ મળે આ જીજ્ઞાસા કરતાં **एवं धर्मः "मनुष्याणां उध्धवात्मनिवेदिताम्"** આવા ભાગવતના વચનોમાં ફલ પ્રાપ્તિ માટે સાધનનો પ્રકાર દેખાડવામાં આવ્યો છે તેમજ **मांच योऽप्यभिचारेण भक्तियोगेन सेवते । स गुणात् समतीत्यैतात् ब्रह्मभूयाय कल्पते ॥** આવા વાકયોમાં નિર્ગુણાવસ્થા પછી ફલપ્રાપ્તિ થાય છે એ આર્થિક પક્ષ પણ જાણી શકાય છે પુષ્ટિભકતોને નિર્ગુણાવસ્થા પ્રાપ્ત કરવાનો પ્રકાર ભાગવતૂમાં વર્ણવેલો છે એના જ વાચનિક અને આર્થિક વિચાર કરતાં આધુનિક જીવને પણ ફલાનુભવનો પ્રકાર સમજી શકાય છે.

પુષ્ટિભક્ત એ જ જીવ બની શકે છે. જેનામાં પુષ્ટિભક્તિનું બીજ ભગવાને મુકયું છે એ જ જીવને પુષ્ટિમાર્ગીય પ્રકારથી પુષ્ટિમાર્ગીય ફળ મળવાનું જ. આ જીવોમાં જે સાત્વિક હોય છે તેઓ મુખ્યાધિકારી છે જેઓ રાજસ કે તામસ છે તેઓ મધ્યમ અને હીનકક્ષાના અધિકારીઓ છે આ કાલમાં મોહ લોભવાળા તામસ રાજસ અધિકારીઓ જ વધારે છે તેથી જ ભગવાને સ્થાપિત કરેલા બીજને કારણે શ્રવણ ઇત્યાદિ રૂપોમાં સેવા ભક્તિ કરવા છતાં પણ દોષ પ્રબળ હોવાથી એમનામાં પ્રેમલક્ષણા ભક્તિ સહજ નથી ઉભરાતી છતાંયે સેવા શ્રવણ ઇત્યાદિ સાધનો થકી અંદર રહેલું બીજ કાંઇકને કાંઇક તો દ્રઢતાને પામશે જ એટલે સેવા દ્વારાજ એમના તમોગુણ, રજોગુણ કે સત્વગુણ ધીરેધીરે નિવૃત થશે. આમાં પ્રમેય બળ જ મુખ્ય બળ છે ભગવાનના અનુગ્રહથી જ જે કાંઈ થવાનું હોય છે તે થાય છે ભગવત્ સેવા, ભગવત્ ગુણો અને ભગવત્ લીલાનું શ્રવણ કીર્તન આ બધા પુષ્ટિમાર્ગીય પ્રકારો છે જેથી તામસાદિ ગુણ નિવૃત્ત થતા હોય છે. આ નિવૃત થવાનો આધ્યાત્મિક પ્રકાર આવી રીતે છે.

જેવી રીતે ભાગવતૂમાં તામસ પ્રકરણના આરંભના પ્રથમ અધ્યાયમાં ભગવાનના પ્રાકુભાવિના ઉત્સવનું નિરૂપણ છે તેમજ અહીંયા પણ ઘેરે સેવા માટે પ્રભુને પધરાવે તે જન્મોત્સવ છે. ત્યાં નંદરાયજીને ભગવત્ સુખાનુભવમાં આવનારા વિઘ્નોનું જ્ઞાન વાસુદેવથી થયું એમજ અહીંયા પણ ગુરૂના મુખથી ભકિતમાર્ગમાં આવતા વિઘ્નોનું જ્ઞાન મેળવવું જોઇએ પછી પૂતના, બકાસુર આદિ દૈત્યોનો ત્યાં નાશ થયો છે એ દૈત્યો જેવી રીતે ત્યાં લીલામાં અવિદ્યા સ્વરૂપ વિસ્મૃતિ અત : કરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇદ્રિંયાધ્યાસ, દેણધ્યાસ આદિના મૂર્તિમાન રૂપો પૂતના, ધેનુકાસુર, બકાસુર

ઇત્યાદિ છે. તેમ અહીંયા પણ આપણામાં આ દોષો વિદ્યામાન જ છે એ બધાનો નાસ પ્રભુસેવા થકી જ થાય છે અર્થાત્ પ્રભુ જ કરશે ત્યાં જેવી રીતે શ્રી યશોદાજીને વિશ્વરૂપના દર્શન કરાવીને આહાત્મ્ય જ્ઞાન કરાવ્યું એવી જ રીતે અહીંયા પણ સ્વપ્ન ઈત્યાદિ દ્વારા સેવા કરનારને કાંઈક કાંઈક અનુભવો થવા લાગે છે તેમ જ મૃત્તિકાભક્ષણ પ્રસંગમાં ભગવાને લૌકિક જે ભોજન આદિ ધર્મો છે તે મારામાં નથી એમ જણાવ્યું તેવી જ રીતે આધુનિક જીવોને પણ સમજવું જોઇએ કે ભગવાન ભૂખ્યા છે એટલે ભોગની આવશ્યકતા નથી છતાંયે ભક્તિપૂર્વક ભક્ત જે કાંઇ પણ સમર્પિત કરે એને ભગવાન સ્વીકારે છે ત્યાં જેવી રીતે દધિમંથનના કાલમાં ભગવદ ગુણોના ગાનનું વર્ણન છે. તેમજ અહીંયા પણ સાધકને કોઇપણ વ્યાવૃત્તિમાં પડતાં ભગવદ્ ગુણગાન કરતા જ રહેવું જોઇએ જેવી રીતે ત્યાં ભગવદાવેશ વગર અથવા તો ભગવાન સિવાય બીજાના ભોગ કે ઉપયોગની બુધ્ધિથી જે કાંઈ સંપાદિત કરવામાં આવે તે ભગવાન નથી સ્વીકારતા એ જણાવવા માટે દધિ જમાવવાના પાત્રને તોડયું તેમજ છીકા ઉપરનું નવનીત પણ વાંદરાઓને આપી દીધુ તેથી સિદ્ધ થાય છે કે કોઈપણ સમર્પણીય વસ્તુનું આપણે સંપાદન કરતા હોઇએ ત્યારે શરૂઆતથી લઇને ભગવત્ ઉપયોગ પર્યંત ચિત્તને ભગવાનમાંજ તત્પર રાખવું જોઇએ ત્યાં જેવી રીતે ભગવાન આરંભમાં ન બંધાયા પણ ભકતવશ થઇને અંતે બંધાઈ પણ ગયા તેમજ અનેક સાધનોથી સાધક ભગવાનને વશ નથી કરી શકતો પણ ભકિતથી તો ભગવાન વશ થાય જ છે ત્યાં જેવી રીતે ભગવાનની વૃંદાવનમાં કરેલી વિવિધ ક્રીડાઓનું વર્ણન છે તેમજ અહીંયા પણ બધીજ રીતે ભાવપૂર્વક સેવામાં ક્રીડાના સાધનો ભમરડો, દડો આદિ ભાવાનુસાર રાખવા જોઇએ. જે જે આપણને સારૂ લાગે, જે જે લોકમાં ઉત્તમ વસ્તુ હોય એ બધાનું

પ્રભુની સેવામાં કેમ વિનિયોગ થાય એવું વિચારવું જોઇએ ઈન્દ્રયાગ ભોગમાં આપણને અન્યાશ્રય ન કરવો જોઇએ એવી શિક્ષા મળે છે. ઈન્દ્રયાગ ભોગ કુમારિકાવ્રત પ્રસંગ, યજ્ઞપત્નિ વ્રત પ્રસંગ ઈત્યાદિથી ભગવદ્કત વર્ણાશ્રમ ધર્મ પરોપકારાદિ ધર્મનું પાલન કરતા અસમર્પિત ત્યાગ અને અન્યાશ્રય ત્યાગ થકી ભગવાનની સેવા કરવી જોઇએ એવું તાત્પર્ય ખ્યાલમાં આવે છે આમ કરતા બીજ ભાવથી પ્રેમ પછી આસકિત અને વ્યસનદશા પર્યંત ભકિત પહોંચે છે ત્યારે સર્વાત્મભાવ ઉત્પન્ન થઈ ભગવાનનો આવિર્ભાવ થવાથી ભજનાનંદનો અનુભવ થાય છે ત્યારે સ્થૂલ શરીર લીંગ શરીરનો નાશ થાય છે અને ભગવદ્ લીલામાં ઉપયોગી એવો દેહ પ્રાપ્ત થાય છે અને જીવનો નિત્ય લીલામાં પ્રવેશ થાય છે અને એજ મુકિત છે ત્યાં પુરૂષોત્તમના સાથે પુરૂષોતમાત્મક જીવોનું પુરૂષોતમાત્મક ફલાનુભવ જેને આશ્રય લીલા રૂપે દ્વાદશસ્કંધમાં વર્ણન કરવામાં આવ્યું છે એ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ આધુનિક જીવોના સાધન અને ફલાનુભવનો પુષ્ટિમાર્ગીય પ્રકાર છે.

વિવેચન

શુભાશુભ કર્મ, કર્મફલ વ્યવસ્થા, ફલનું સ્વરૂપ અને તારતમ્ય તે બાબતના અધિકારોનું સ્વરૂપ એને તારતમ્યનો પ્રશ્ન ગ્રંથારંભમાં કરવામાં આવ્યો હતો તે દ્રષ્ટિથી આ ફલવિવેકને જોઇએ તો એમ કહી શકાય કે શ્રીવલ્લભાચાર્ય ચરણના સિદ્ધાંતમાં શ્રુતિસિદ્ધ શુદ્ધાદ્વૈતની સુસંગતિમાં ઇચ્છાસ્વાતંત્ર્ય પ્રયત્નસ્વાતંત્ર્ય, કર્મસ્વાતંત્ર્યકે ફલસ્વાતંત્ર્યને કોઇપણ જાતનું સ્થાન નથી.

સૃષ્ટિથી પૂર્વ, સૃષ્ટિ સમયે કે સૃષ્ટિના ઉપસંહાર પછી પણ બ્રહ્મમાં સજાતીય, વિજાતીય કે સ્વગત્ત પ્રકારનું સ્વાભાવિક દ્વૈત ઉભું કરી શકે એવી કોઇ પણ વસ્તુ (માયા-પ્રકૃતિ-પરમાણું-

અદૃષ્ટ આદિ) ને સ્વીકારવામાં આવતી નથી સૃષ્ટિ સમયે જે કંઈ છે તેમાં જો બ્રહ્મના સ્વરૂપથી સ્વતંત્ર કોઇ સ્વરૂપનું સ્થાન જ ન હોય તો બધીજ ક્રિયાઓ સ્વરૂપત ! બ્રહ્માત્મિકા છે, એટલું જ નહિ સર્વ જાગતિક ક્રિયાઓ પણ બ્રહ્મની જ ઇચ્છા કે બ્રહ્મના જ પ્રયત્ન અથવા સંકલ્પનું પરિણામ છે એમ કહેવું જ યુકત છે આવી રીતે તત્વદ્રષ્ટિથી જોતા કર્મની બાબતમાં કોઇ પણ જાતની લૌકિક સુભતા કે અશુભતાને આપણ દર્શનમાં સ્થાન ન હોય તે સ્વાભાવિક છે તેથી જ કર્મને વાલ્લભદર્શનમાં કાર્યકોટિ નહિ પણ કારણકોટિ તરીકે અક્ષર બ્રહ્માત્મક માનવામાં આવ્યો છે. છતાંયે સૃષ્ટિ એ ભગવાનની દ્વૈતવાદી ઈચ્છાનું પરિણામ છે આ ઐચ્છિક દ્વૈત પણ કેવળ સજાતીય વિજાતીય અને સ્વગત ઐચ્છિક ભેદ રૂપ જ છે એટલું જ નહિ પણ એ ભેદ ઉચ્ચનીય ભાવથી પણ ઘટિત છે તેથી પ્રભુએ ઈચ્છા પ્રયત્ન કૃતિ અને ફલમાં પણ ઉચ્ચનીય ભાવ ઘડીને વેદ વાણી રૂપે તેઓનું સ્વરૂપ નિર્ધારિત કર્યું છે સ્વાભાવિક રીતે અર્થાત વસ્તુ સ્વભાવને જોતા કોઈ પણ જાતની શુભતા કે અશુભતા (ઈચ્છાથી માંડીને ફલ સુધીની) ન હોઇ શકે, પણ કર્તુ અકર્તુમ, અન્યથા કર્તુ સમર્થ બ્રહ્મ જ્યારે જે કાંઇ ઈચ્છે તે થયા વગર રહે નહી તેથી હિંસા પ્રાણ હરણની ઈચ્છા) અશુભ કહેવાય ને અહિંસા (તેવી ઇચ્છાનો અભાવ) શુભ કહેવાય તેમજ અમુક પ્રયત્ન શુભ અને–અમુક પ્રયત્ન અશુભ–અમુક કૃતિ શુભ અને અમુક કૃતિ અશુભ તદ્દનુસાર અમુક ફલ શુભ અને અમુક ફલ અશુભ કહેવાય છે. શુભાશુભના નિર્ધારણમાં તેથી લૌકિક વિવેક નહીં શાસ્ત્રીય વિવેક જ સાચો વિવેક છે. શાસ્ત્રવિહિત કર્મને શુભ કર્મ માનવું જોઇએ અને શાસ્ત્રનિદિંત કર્મને અશુભ કર્મ વિહિત કર્મ થકી શુભ ફલની પ્રાપ્તિ થાય છે અને નિદિંત કર્મથી અશુભ ફલની.

જગતમાં નામરૂપનાં વાસ્તવિક પ્રકટ પણ ઐચ્છીક દ્વૈતમાં સચ્ચિદાનંદ બ્રહ્મની સ્વાભાવિક એકતા કે અદ્વૈતનું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી કર્મ કે તેના વિભિન્ન ફળોની શુભતા કે અશુભતાનું જ્ઞાન થતું જ રહેવાનું. બ્રહ્મના યથાર્થ અદ્વૈત જ્ઞાનથી નામરૂપોનાં વાસ્તવિક અને ઐચ્છિક દ્વૈતમાંજ એક સ્વાભાવિક સહજ અદ્વૈત એકત્વનું ભાન થાય છે પુસ્તક છે, લેખિની છે, ટેબલ છે એમ અસ્તિત્વ કે સત્નું સર્વત્ર સર્વ વસ્તુઓમાં અન્વય દેખાય છે. બધી દિશાઓમાં ઉડીને પણ અંતે બધાજ પક્ષીઓ જેમ સાંજે પોતાનાં નીડમાં (માળામાં) આવીને વિશ્રાન્તિ લે છે તેમજ નામરૂપોનાં અનેક દ્વૈતરૂપી પક્ષીઓનું નીડ તે બ્રહ્મનું સત્ અર્થાત સત્તા છે. બ્રહ્મની જ સત્તા જગતના બધાજ નામરૂપોમાં પરોવાયેલી છે, તેથી દરેક વસ્તુના અસ્તિત્વનું ભાન આપણને થાય છે. તેમજ બ્રહ્મનું ચિદ્ – અંશ દરેક પ્રાણીની ચેતનામાં પરોવાયેલું છે. તેથી જ "હું છું" એમ કહી શકું અને માની શકું. તેમજ જાગતિક વસ્તુઓમાં દેખાતું પ્રિયત્વ – સૌંદર્ય – આકર્ષણ – સ્નેહ પણ એજ સચ્ચિદાનંદમાંના આનંદના આશિક અન્વય છે.

જગતના દ્વૈત ઘટિત નામરૂપોમાં સચ્ચિદાનંદ અન્વયનો સાક્ષાત્કારે થતા શુભાશુભ ઈચ્છા, પ્રયત્ન, કૃતિ અને ફૂલમાં પણ એનો અન્વય દેખાય છે. આ સાક્ષાત્કાર જ્ઞાન થકી પણ થઇ શકે અને ભકિત થકી પણ. પણ જ્ઞાન માર્ગે સાક્ષાત્કાર થતાં સચ્ચિદાનંદનું કેવળ જ્ઞાન ન જ થાય છે જ્યારે ભકિત માર્ગે સાક્ષાત્કાર થતા એ સચ્ચિદાનંદ ઉપર આપણને આનંદાત્મક સ્નેહ પ્રગટ થાય છે. તેથી જ જ્ઞાનમાર્ગીય ફલ બ્રહ્મના ચિદ્ – અંશનું પૂર્ણ પ્રાગટ્ય છે જ્યારે ભકિતમાર્ગીય ફલ બ્રહ્મના આનંદાંશનું પૂર્ણ પ્રાગટ્ય છે. આપણે જોઈ ગયા છીએ કે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ એ બ્રહ્મની ઇચ્છાથી જ થયેલા માર્ગ ભેદ છે.

દરેક જીવને કર્મફલાનુભવ એની કૃતિના મુજબ ભગવદિચ્છા થકી થાય છે. સામાન્ય રીતે કૃતિ પ્રયત્ન થકી થાય છે તેમજ પ્રયત્ન ઇચ્છા મુજબ પણ અહીંયાં ઇચ્છાનું કારણ તત્તત્ માર્ગમાં અંગીકાર જ છે. તેથી આપણા અજ્ઞાનવેરા આપણે એમ માની બેસીએ છીએ કે હું ઇચ્છા કરૂં છું, પ્રયત્ન કરૂં છું. કર્મ કરૂં છું, પણ હકીકતમાં આપણી ઇચ્છાના જ્યારે આપણે ધણી નથી ત્યારે પ્રયત્ન, કર્મ કે કર્મફલના ધણી કેમ થઈ શકીએ ? ઉપનીષદમાં તેથી કહેવામાં આવ્યું છે કે એ પરમાત્મા આપણા દ્વારા સારૂં કર્મ કરાવે છે જો આપણને ઉંચો લઇ જવા માંગતો હોય, અને ખોટા કર્મ કરાવે છે. જ્યારે આપણા અધઃપતન ઇચ્છતો હોય છે પ્રશ્ન કદાચ ઊભો થાય કે બ્રહ્મ આવું કરતા પક્ષપાત કરનારો અને નિર્દય ન થઈ જાય. ઉત્તરમાં એક સ્પષ્ટતા કરવાની કે સજાતિય, વિજાતિય સ્વગતઃ ભેદ રહી બ્રહ્મ જ્યા સ્વસામર્થ્ય અને સ્વેચ્છાથી અનેક નામરૂપોનું દ્વૈત પ્રગટ કરે છે તેમાં અજ્ઞાનવશ જ્યારે આપણે સચ્ચિદાનંદનું સ્વાભાવિક અદ્વૈત નથી જોઇ શકતા ત્યારે કેવળ દ્વૈત જ દેખાય છે પરિણામે રાગદ્વેશ અને સુખ દુઃખના દ્વૈતો પણ ઉભા થાય છે પણ જગતના જ્ઞાનીને પણ જો નામરૂપોના આચ્છક દ્વૈતમાં સચ્ચિદાનંદના સ્વાભાવિક અદ્વૈતના દર્શન થતા રાગદ્વૈષ અને સુખ દુઃખના દ્વૈતો નથી દેખાતા ત્યારે બ્રહ્મ જેણે પોતે આ દ્વૈતો પોતાના સામર્થ્ય પ્રગટ કર્યા છે તેને કેવી રીતે દેખાય ? જગતના બધાજ પદાર્થનું મૂળ તત્વતો પર બ્રહ્મ જ છે. જ્યારે પદાર્થો તો કેવળ એ મૂળ તત્વના વિભિન્ન નામો અને રૂપો જ છે. આવી સ્થિતિમાં બ્રહ્મને પક્ષપાતી ગણીએ તો કોનો પક્ષ અને પક્ષપાત એનો ખુલાસો આપી શકાય નહી. જેને ઉપર ઉઠાવવા માગે છે તે પણ બ્રહ્મ અને જેને નીચે પાડવા માગે છે તે પણ પરબ્રહ્મ, ઉન્નયન અને અધોનયનની ક્રિયાઓ પણ બ્રહ્મ અને

તેના શુભાશુભ ફલો પણ બ્રહ્માત્મક જ છે ! અને આમાં જો પક્ષપાત થતો હોય તો તે પણ બ્રહ્મ અને આ પક્ષને લીધે કોઇને **અશુભ** ફલ મળતું હોય તો તે પણ બ્રહ્મ હવે બ્રહ્મ જો આનંદાત્મક હોય તો દુઃખ શેનું અને દુઃખ ન હોય તો ચિંતા શેની ?

છતાંય બધાને સમાર્ગોનુસાર (પ્રવાહ–મર્યાદા અને પુષ્ટિના) ફળો વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદના મળે છે. કેમકે સૃષ્ટિ જેમ એની લીલા છે તેમ મુક્તિ પણ એક લીલા છે. બધા જીવોને ભગવાન માર્ગાનુસાર આનંદ જ આપે છે મહાપ્રલય પર્યંત નામરૂપોના દ્વૈત કાયમ રહે છે તેથી ત્યાં સુધી આનંદમાં પણ તારતમ્ય છે આ અખંડ બ્રહ્મવાદની સ્થિતિ છે. અખંડ બ્રહ્મવાદની સ્થિતિમાં તો કશું કહી શકાય નહી તે અવ્યક્ત બ્રહ્મે વ્યક્ત થવા માટે અખંડ બ્રહ્મવાદમાંથી સખંડ બ્રહ્મવાદ ઉપજાવ્યું તેથી આ વિવેચન પણ આપણે કરી શકીયે છીએ કે શુભાશુભ કર્મ તેના ફળફળનું સ્વરૂપ અને તારતમ્ય, ફલાનુભવમાં અધિકારભેદનું સ્વરૂપ અને તારતમ્ય શું છે. "બધુ જ બ્રહ્મ છે" એમ કહેવા માટે બ્રહ્મથી જુદુ બધુ શું એનું નિરૂપણ કરવું પડે, પણ બધુનો અર્થ પણ જો બ્રહ્મ હોય તો "બ્રહ્મ બ્રહ્મ છે" એવું કહેવાય. અને 'છે' નો અર્થ પૂછતાં પણ બ્રહ્મ જ જો મળતો હોય તો બ્રહ્મ બ્રહ્મ અને બ્રહ્મ જ રહે !

ખ્યાતિવિવેક

પ્રમેયરત્નાર્ણવનો ઉત્તરાર્ધમાં ખ્યાતિવિવેક આવે છે ખ્યાતિવિવેકના પ્રારંભમાં ગ્રંથકાર કહે છે કે પૂર્વાર્ધના પ્રપંચવિવેકમાં જે

પદાર્થોનું નિરૂપણ કર્યું એની સ્પષ્ટતા ખ્યાતિના સ્વરૂપના નિરૂપણ વગર નથી થઈ શકતી એટલે ખ્યાતિનો વિચાર આવશ્યક થઇ જાય છે જો કે ખ્યાતિનો અર્થ જ્ઞાન થાય પણ દાર્શનિક રૂઢીમાં ભ્રમની બાબતમાં જુદા જુદા વિચારોને ખ્યાત શબ્દ સાથે જુદા જુદા વિશેષણ લગાડીને કહેવામાં આવ્યા છે તેથી ખ્યાતિનો વિચાર એ એકંદરે ભ્રમનો જ વિચાર કહેવાય

જેવી રીતે સંશય, નિશ્ચય, સ્મૃતિ, સ્વપ્ન આદિ જ્ઞાનના પ્રકાર છે તેવી રીતે ભ્રમ પણ એ જ્ઞાનનો પ્રકાર છે ને ભાગવતને અનુસરનારા આપણાં મતમાં આ બધા પ્રકારોને બુદ્ધિની જુદી જુદી વૃત્તિઓ તરીકે ગણાવવામાં આવ્યા છે કેમકે બુદ્ધિજ જ્ઞાનના પ્રકારને ઘડે છે જ્યારે ઇદ્રિય અને મનતો કેવલ જ્ઞાનને ઉત્પન્ન કરનારા હોય છે બીજા શબ્દમાં કહીએ તો સામાન્ય જ્ઞાન અને વિશિષ્ટ જ્ઞાન, તેમાં સામાન્ય જ્ઞાન એ મન સહિત ઈંદ્રિયોનો તે અર્થો સાથે સંબંધ જોડાતા થાય છે અને તેથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને વિશિષ્ટ આકાર આપવો એ બુધ્ધિનું કાર્ય છે બુધ્ધિ મહિમાં સામાન્ય જ્ઞાનને નિશ્ચયનો અથવા સંશયનો અથવા ભ્રમનો કે એવા બીજા આકાર આપે છે તેની પ્રક્રિયા એવી રીતે છે જેમકે છીપ ચાંદીને જ્યારે ભ્રમ આપણને થાય છે તે વખતે સૌથી પહેલા મનના સાથે ચક્ષુ ઈંદ્રિયનો છીપ સાથે સંબંધ જોડાય છે તેથી એક આકાર વગરનું સામાન્ય જ્ઞાન ઉત્પન્ન થાય છે પછીથી બુધ્ધિમાં જો સત્વ ગુણોનો ઉદ્દભવ થયો હોય તો એ જ્ઞાનને બુધ્ધિ દ્વારા નિશ્ચયનો આકાર મળે છે. જેને આપણો પ્રમા કહીએ છીએ પણ જો રજોગુણ કે તજોગુણોનો ઉદ્ભવ થયો હોય તો બુધ્ધિ પહેલા સામાન્ય જ્ઞાનને સંશય અથવા ભ્રમનો આકાર આપે છે તેથી આપણને છીપ તરીકે નથી દેખાતી પણ ચાંદી તરીકે દેખાય છે. કેમકે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવું સ્ફુરણ થતું નથી

અને માયાથી મોહિત બુધ્ધિ રજતના સંસ્કાર પ્રબળ થઈ જવાથી અને છીપની ચમક અને ચાંદીની ચમકની સમાનતાનો આધાર લઈને એક નવી જ ચાંદીનું પોતાનામાં (બુધ્ધિમાં) નિર્માણ કરે છે તેથી બુદ્ધિમાં પેદા થયેલી ચાંદીને જ ભ્રમના વખતે ગ્રહણ કરે છે. અને તે જ જ્ઞાનનો વિશેષ આકાર બની જાય છે. આ ચાંદીનું જ્ઞાન જે ક્ષણમાં સામાન્ય જ્ઞાન થાય છે તે વખતે નથી હોતું પણ વિશેષ જ્ઞાન જે વખતે થાય છે તે વખતે ચાંદીની કલ્પના બુદ્ધિએ કરી લીધી છે તેથી બુદ્ધિ દ્વારા એનો ભાસ થવા લાગે છે કોઇપણ સંજોગોમાં ચાંદી આંખોથી દેખાતી નથી પણ બુધ્ધિથી માનવામાં આવે છે. જ્યારે જ્ઞાનને બુધ્ધિ નિશ્ચયનો આકાર આપે છે તે વખતે બુધ્ધિ કોઇ નવીન પદાર્થની કલ્પના નથી કરતી હોતી પણ જે આંખોથી કે બીજી ઇન્દ્રિયોથી સામાન્ય જ્ઞાનના વખતે ગ્રહણ કરવામાં આવ્યું હોય છે. તેના જ જ્ઞાનને નિશ્ચયનો આકાર આપી દે છે, તેથી ભ્રમ અને યથાર્થ જ્ઞાનનું અંતર એ જ થયું કે ભ્રમમાં બુધ્ધિ અને ઇદ્રિયની એક વાકયતા નથી હોતી. જ્યારે કે યથાર્થ જ્ઞાનમાં બુધ્ધિ અને ઇન્દ્રિયના એક વાકયતા હોય છે, તેથી ઇંદ્રિય અને ઇંદ્રિયના સામે રહેલો કોઇપણ પદાર્થ જેમ કે છીપ એ બન્નેની વચ્ચે બુધ્ધિમાં જે એક અન્ય વસ્તુનું બુધ્ધિ દ્વારાજ ભાન થાય છે તેને આપણે ભ્રમજ્ઞાન કહીએ છીએ, કેમકે ઇંદ્રિયથી ગ્રહણ કરવામાં આવતો વિષય જેમ કે છીપ તેથી અન્ય એવું ચાંદીનું જ્ઞાન ભ્રમરૂપ હોય છે આથી ભ્રમનું આપણે ત્યાં પારિભાષિક નામ અન્ય ખ્યાતિ છે, આ બુધ્ધિની એક વૃત્તિ છે, જેને વિપર્યાસ કહેવામાં આવે છે.

ભ્રમજ્ઞાન વખતે જે વિષયનું ભાન થાય છે. વિષય ઇંદ્રિયથી નહીં પણ બુધ્ધિથી કેવલ કલ્પિત છે. એ આપણે સિધ્ધાંત પણ બીજા દર્શનિકો ભ્રમની આજ વ્યાખ્યાને નથી અનુસરતા

જેમકે માયાવાદી દર્શનિકોના મનમાં છીપ ઉપર માયા એક મિથ્યા ચાંદીનું નિર્માણ કરે છે અને એ ચાંદી આપણા આંખોથી આપણને ભ્રમ જ્ઞાનના સમયે દેખાય છે પણ આપણા મનમાં તો ઇન્દ્રિયો કેવલ સત્‌નું જ ગ્રહણ કરે છે. તેથી આપણને તે મત સ્વીકાર્ય નથી જગતના બાબતમાં પણ તેમ જ આપણે જગતના જ્ઞાનને ભ્રમરૂપ નહીં પરંતુ પ્રમારૂપ જ માનીએ છીએ જગતનું આપણું જ્ઞાન જગતનું પુરેપુરૂ ચિત્ર આપણને ન પણ આપતુ હોય છતાંયે મિથ્યા ચિત્રનો નથી જ આપતું કેમકે આપણા મનમાં જગત્ માર્મિક નથી અને મિથ્યા પણ નથી કિંતુ ભગવાન જ પોતે જગતના આકારમાં પરિણત થાય છે તેથી જગત સત્ય જ છે.

ભ્રમના બે પ્રકાર હોય છે. (૧) ઔપાધિક (૨) નિરૂપાધિક એમાં આપણે જ્યારે ગોળ ગોળ ફરતા હોઇએ ત્યારે દેખાતી બધી વસ્તુઓ ગોળ ગોળ ફરતી દેખાય અથવા તો જ્યારે આપણે લીલા ચશ્મા પહેરીએ અને બધું લીલું દેખાય તો તે ભ્રમને ઓપાધિક ભ્રમ કહેવામાં આવે છે પહેલા ઉદાહરણમાં જેમકે છીપ ઉપર ચાંદીનું દેખાવું અથવા તો દોરડા ઉપર સાપનું દેખાવું એ બધા ઉદાહરણ નિરૂપાધિક ભ્રમની છે. વસ્તુનુ યથાર્થ જ્ઞાન થતાં જ તે બાબતનું આપણા કોઈપણ જાતના નિરૂપાધિક ભ્રમ અમર હોય તો દૂર થઇ જાય છે પણ સોપાધિક ભ્રમનાં ઉદાહરણમાં વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં પણ ભ્રમ હટતો નથી જ્યાં સુધી ભ્રમનું કારણ અથવા તો ઉપાધિ જેમકે આપણુ ગોળ ફરવું અથવા તો લીલા ચશ્મા એને આપણે દૂર ન કરી દઇએ નિરૂપાધિક ભ્રમમાં અન્ય ધર્મીનું ભાન થાય છે જ્યારે ઔપાધિક ભ્રમમાં અન્ય ધર્મનું ભાન થાય છે. અદ્વૈતીઓ પ્રપંચનો વિચાર કરતાં તન મિથ્યા માનતા હોવાથી નિરૂપાધિક ભ્રમનું ઉદાહરણ આપે છે. જેમકે છીપ ઉપર ચાંદીનું ખોટું ભાન છે તેમજ બ્રહ્મ ઉપર

જગતનું આપણને ખોટું ભાન થઇ રહ્યું છે આપણા મનમાં આ આ ઉદાહરણ ગ્રાહ્ય નથી. — આ ઔપાધિક ભ્રમનું ઉદાહરણ જો આપવું હોય તો આપી શકાય જેવી રીતે ઔપાધિક ભ્રમમાં કોઇક સફેદ વસ્તુ લીલી દેખાતી હોય ત્યારે એ વસ્તુનું જ્ઞાન ખોટું નથી પણ એ વસ્તુના રંગનું ખોટું જ્ઞાન છે તેમજ જે જગત આપણને દેખાઇ રહ્યો છે તે ખોટું નથી પણ એ જગતમાં જે ભેદ ઉત્પત્તિ વિનાશ અને એવાજ બીજા જે કુત્સિત ધર્મો દેખાય છે તે આપણી ભ્રાંતિ છે વસ્તુ સફેદ છે. પણ આપણા ચશ્માના લીધે લીલી દેખાય છે તેમજ જગત બ્રહ્માત્મક છે છતાંયે અવિદ્યાની ઉપાધિને લીધે કુત્સત ભેદ-ભાવ અને ઉત્પતિ નાશવાળું દેખાય છે. એને આપણે ત્યાં સંસાર કહેવામાં આવ્યો છે આપણા મનમાં પરમાર્થિક વિચારની દ્રષ્ટિએ જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે જ્યારે માયાવાદી દાર્શનિકોના મનમાં વ્યવહારમાં સત્ય હોવા છતાંયે પારમાર્થિક વિચારની દ્રષ્ટિએ મિથ્યા છે એ આપણા અને એમના મનનો ભેદ છે.

શાસ્ત્રોમાં જગતને માયાથી નિર્મિત છે એવો ઘણે ઠેકાણે ઉલ્લેખ મળે છે પણ માયા શબ્દના અનેક અર્થો થાય છે માયા એ ભગવાનનું એક સામર્થ્ય પણ છે જેથી ભગવાન અનેક રૂપ લે છે. તેને સર્વ ભવન સામર્થ્યરૂપા માયા કહેવામાં આવે છે એક માયા શબ્દનો અર્થ વ્યામોહિકા માયા પણ થાય છે અને તેવી જ રીતે ઇંદ્રજાળ વિદ્યા કપટ આદિ પણ માયા શબ્દના અર્થ થાય છે જ્યારે જગતને માયાથી બનેલું કહેવામાં આવે છે ત્યારે ત્યાં માયા શબ્દનો અર્થ સર્વભવન મામર્થ્યરૂપા માયા એજ લેવો જોઈએ તેથી માદપિકનો અર્થ બધે ઠેકાણે મિથ્યા જ હોય એવું નથી હોતું. આ સર્વભવન સામર્થ્યરૂપા માયાને ભગવાન અનેક રૂપ

લેવા માટે બીબાની જેમ ઉપયોગમાં લે છે, જેમ સોનાને તે તે બીબામાં ઢાળીને જુદા જુદા આકારો ઘડવામાં આવે છે તેમજ બ્રહ્મ પણ આ માયાનાં બીબામાં ઢાળીને અનેક આકારો લે છે, તે આકારો ઐચ્છિક છે. અને વાસ્તવિક છે માયિક નહિ તેથી જગતને આપણે ત્યાં બ્રહ્માત્મક જ માનવામાં આવ્યું છે. માયિક કે મિથ્યા નહિ.

વિવેચન

છઠ્ઠા પ્રશ્નમાં દર્શનનાં બાકી બધા પ્રશ્નોનાં સમાધાન માટે શું સાધન છે, પ્રમાણ એનું સ્વરૂપ અને બુધ્ધિનાં બીજા પાસાઓ જેમ કે ભ્રમ, અજ્ઞાન, સંદેહ, સ્મૃતિ, નિંદ્રા આદિનો નાપાસાની સાથે શું સબંધ અને ભેદ છે તે જાણવાની પૃચ્છા કરવામાં આવી હતી. પ્રમેયરત્નાર્ણવનાં ઉતરાર્ધમાં કેવળ એક જ વિવેક મળે છે અને તે ખ્યાતિનાં સબંધમાં છે તેથી આ છઠ્ઠા પ્રશ્નનું પુરેપૂરૂ સમાધાન આપણને અહીયાં નથી મળતું અને પ્રમાણનો વિચાર ગ્રંથકાર આ ગ્રંથમાં કરવા માંગતા હોય એવું નથી દેખાતું છતાંયે બુધ્ધિનાં બીજા પાસાઓ જેમ કે, ભ્રમ, અજ્ઞાન આદિ તેમાં ભ્રમનું વિવેચન અહીયા પૂર્ણ રૂપે કરવામાં આવ્યું છે,
[illegible] અજ્ઞાન સંદેહ સ્મૃતિ આદિની બાબતમાં પણ
ાં આવેલ છે અને તેની તુલનામાં
તે કેવું હોવું જોઇએ એનોય
ાં મળે છે. પણ પ્રમાણો કયા
અને ગૌણ મુખ્ય ભાવ આવી
નથી થયો.

ગુને માનવામાં આવ્યું છે રજોગુ-
સંદેહ ઉત્પન્ન કરનાર જ તેમજ

પણ
પહેલા
તેથી આપણ
દેખાય છે. કેમકે

તમોગુણથી ભ્રમ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે બુધ્ધિની
જે વખતે જે ગુણનું પ્રાબલ્ય હોય છે, તે વખતે તેના
બુદ્ધિની જુદીજુદી વૃત્તિઓ બને છે. નિશ્ચય, સંશય, અજ્ઞાન
સ્મૃતિ, નિંદ્રા આ બધા પ્રકારો બુધ્ધિની જુદીજુદી પ્રવૃતિ
ઇન્દ્રિયજન્ય જ્ઞાન આપણા મતમાં કોઈપણ વખત ભ્રમરૂપ
થઈ શકતું પણ ઈંદ્રિઓથી **જનીતા** સંવાદના બુદ્ધિમાં અ
ગુણોનાં પ્રબલ અને અપ્રબલ થવાથી અનેક આકારોમાં
ભ્રમ અજ્ઞાન, આદિનાં રૂપે થતાં હોય છે તેથી જ ઈંદ્રિયથ
વસ્તુનું ગ્રહણ થાય છે તેથી અન્ય વસ્તુની કલ્પના જ્યારે બુ
અર્થાત્ ઇંદ્રિયોથી મળતાં સંવાદનો અનુવાદ બરાબર ન કરી
હેતુઓ જેમ કે તમોગુણ, સાદૃશ્ય, સંસ્કાર અદિના કારણે એક
વસ્તુનું જ ભાન થવા માંડે તેને આપણે ભ્રમ કહીએ
તેથી આપણ મતમાં ભ્રમનું પારિભાષિક નામ અન્યખ્યાતિ
અને આ અન્યખ્યાતિ સત્વગુણના ઉદયથી જ્યારે દૂર થાય
પ્રમારૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે જેનો આકાર નિશ્ચયાત્મક હો

સિધ્ધાંતમાં પારમાર્થિક પ્રમાણ તો વેદનાં શબ્દોને
માનવામાં આવ્યો છે. પુરસોત્તમજી પ્રસ્થાનરત્નાકરના પ્રમ
પરિચ્છેદમાં કહે છે—

લેવા માટે બીબાની જેમ ઉપયોગમાં લે છે, જેમ સોનાને તે તે બીબામાં ઢાળીને જુદા જુદા આકારો ઘડવામાં આવે છે તેમજ બ્રહ્મ પણ આ માયાનાં બીબામાં ઢળીને અનેક આકારો લે છે, તે આકારો ઐચ્છિક છે. અને વાસ્તવિક છે માયિક નહિ તેથી જગતને આપણે ત્યાં બ્રહ્માત્મક જ માનવામાં આવ્યું છે. માયિક કે મિથ્યા નહિ.

વિવેચન

છઠ્ઠા પ્રશ્નમાં દર્શનનાં બાકી બધા પ્રશ્નોનાં સમાધાન માટે શું સાધન છે, પ્રમાણ એનું સ્વરૂપ અને બુધ્ધિનાં બીજા પાસાઓ જેમ કે ભ્રમ, અજ્ઞાન, સંદેહ, સ્મૃતિ, નિંદ્રા આદિનો નાપાસાની સાથે શું સબંધ અને ભેદ છે તે જાણવાની પૃચ્છા કરવામાં આવી હતી. પ્રમેયરત્નાર્ણવનાં ઉતરાર્ધમાં કેવળ એક જ વિવેક મળે છે અને તે ખ્યાતિનાં સબંધમાં છે તેથી આ છઠ્ઠા પ્રશ્નનું પુરેપૂરૂ સમાધાન આપણને અહીયાં નથી મળતું અને પ્રમાણનો વિચાર ગ્રંથકાર આ ગ્રંથમાં કરવા માંગતા હોય એવું નથી દેખાતું છતાંયે બુધ્ધિનાં બીજા પાસાઓ જેમ કે, ભ્રમ, અજ્ઞાન આદિ તેમાં ભ્રમનું વિવેચન અહીયા પૂર્ણ રૂપે કરવામાં આવ્યું છે, સાથે સાથે અજ્ઞાન સંદેહ સ્મૃતિ આદિની બાબતમાં પણ સંક્ષેપથી આપણો મત રજુ કરવામાં આવેલ છે અને તેની તુલનામાં પ્રમાણનું સ્વરૂપ પણ સામાન્ય રીતે કેવું હોવું જોઇએ એનોય ખુલાસો આપણને ખ્યાતિ વિવેકમાં મળે છે. પણ પ્રમાણો કયા પ્રમાણોનું સ્વરૂપ અને પ્રામાણ્ય અને ગૌણ મુખ્ય ભાવ આવી બધી બાબતોનો વિશેષ વિચાર નથી થયો.

સિધ્ધાંતમાં પ્રમાણ સત્વગુણને માનવામાં આવ્યું છે રજોગુણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે સંદેહ ઉત્પન્ન કરનાર જ તેમજ

તમોગુણથી ભ્રમ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે બુધ્ધિની જે વખતે જે ગુણનું પ્રાબલ્ય હોય છે, તે વખતે તેના બુદ્ધિની જુદીજુદી વૃત્તિઓ બને છે. નિશ્ચય, સંશય, અજ્ઞાન સ્મૃતિ, નિંદ્રા આ બધા પ્રકારો બુધ્ધિની જુદીજુદી પ્રવૃતિ ઇદ્રિયજન્ય જ્ઞાન આપણા મતમાં કોઇપણ વખત ભ્રમરૂપ થઈ શકતું પણ ઈદ્રિઓથી **જનીતા** સંવાદના બુદ્ધિમાં અ ગુણોનાં પ્રબલ અને અપ્રબલ થવાથી અનેક આકારોમાં ભ્રમ અજ્ઞાન, આદિનાં રૂપે થતાં હોય છે તેથી જ ઈદ્રિયથ વસ્તુનું ગ્રહણ થાય છે તેથી અન્ય વસ્તુની કલ્પના જ્યારે બુ અર્થાત્ ઇંદ્રિયોથી મળતાં સંવાદનો અનુવાદ બરાબર ન કરી હેતુઓ જેમ કે તમોગુણ, સાદ્રશ્ય, સંસ્કાર અદિના કારણે એક વસ્તુનું જ ભાન થવા માંડે તેને આપણે ભ્રમ કહીએ તેથી આપણ મતમાં ભ્રમનું પારિભાષિક નામ અન્યખ્યાતિ અને આ અન્યખ્યાતિ સત્વગુણના ઉદયથી જ્યારે દૂર થાય પ્રમારૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે જેનો આકાર નિશ્ચયાત્મક હો

સિધ્ધાંતમાં પારમાર્થિક પ્રમાણ તો વેદનાં શબ્દોને માનવામાં આવ્યો છે. પુરસોત્તમજી પ્રસ્થાનરત્નાકરના પ્રમ પરિચ્છેદમાં કહે છે—

ं हि सिध्धे करणे यत्पूर्वोक्तिप्रमां प्रति ।
णं तत्प्रमाणं तन्मूर्द्धन्यो वेद एव हि ॥ १ ॥

र्थेन नित्यसंबंधात्तज्ज्ञानाव्यथिचारतः ।
कानधिगतार्थस्य ज्ञापकत्वान्नलोकतः ॥ २ ॥

र्थावगतेबधिस्तेन मूर्धन्यतास्य वै ।
नांतरोपजीव्यानामिंद्रियाणां प्रमाणता ॥ ३ ॥

वयोगाहते नास्ति तेन चार्यैरनाहृता ।
ाणगणना लौकव्यवहार प्रयोजना ॥ ४ ॥

ाड्त्र व्यवहारे यः स्वप्रस्थान समाश्रितः ।
शेषस्तस्य बोधार्थमादर्तव्यैव सा ततः ॥ ५ ॥

तेः प्रत्यक्षमैतिह्यमनुमान चतुष्टयम् ।
मैद्वादश स्कंधे श्रुतौ यद्विन्निरुपितम् ॥ ६ ॥

ाश्रित्च मयात्रैतदुच्यतेऽतो न दूषणम् ।
ाति ह्यं स्मृतिः पूर्ववृत्तस्मृत्या निरुपेणात् ॥ ७ ॥

ष्वपि प्रमाणोक्तौ स्मृतेरेवादरादपि ।
ं यथास्थितं यानि तूपमानादिकानि वै ॥ ८ ॥

न्यनुग्राहकाण्येव तेन दोषो न कश्चन ।
ाण्येव प्रमाणानि सत्त्वमेव कथंचन ॥ ९ ॥

जीवंति तध्देतौ कथितः पूर्वमागमः ।
वाक्य श्रुतिस्तस्माच्चब्दः पूर्वं निरुप्यते ॥ १० ॥

ज्ञाने परिकरे मुख्यत्वावगतिः श्रुतेः ।
याविरोध एवान्य प्रामाण्यं नान्यया मतः ॥ ११ ॥

અર્થાત્ પારમાર્થિક પ્રમાણ તો વેદ જ છે કેમકે વૈદિક શબ્દોનો અર્થ સાથે નિત્ય સંબંધ હોવાથી વ્યભિચાર નથી તેમજ બીજા પ્રમાણોથી અગમ્ય એવા વિષયના જ્ઞાનનાં સાધન વૈદિક શબ્દો છે. તેને શ્રુતિ કહેવામાં આવે છે. શ્રુતિજ બ્રહ્મની પ્રમામાં કરણ બને છે તેથી શ્રુતિ જ પ્રમાણ છે. અથવા તો શ્રુતિનાં સહાયક એવા સાધનો શ્રુતિમૂલક હોવાથી પ્રમાની ઉત્પતિમાં પરંપરયા સાધન બને છે. તેથી જ આચાર્ય ચરણ નિબંધમાં કેવળ શબ્દને જ પ્રમાણ માને છે અને બીજા પ્રમાણોની સહાયતા વગર જ્ઞાન ઉત્પન્ન ન કરી શકે તેવી ઈન્દ્રિઓમાં પ્રમાણ હોવાનું નિષેધ કરવામાં આવ્યું છે કેમ કે સત્વગુણ વગર ઇદ્રિઓથી ઉત્પન્ન જ્ઞાન પ્રમાણની કોટીમાં નથી આવતું પણ અંતે પ્રમાણ ગણના લૌકિક વ્યવહારમાં પણ ઉપયોગી થાય છે તેથી શબ્દના સિવાય પણ જો લૌકિક વ્યવહાર માટે લૌકિક પ્રમાણોની ગણના કરવી હોય તો વૈદિક શબ્દથી અવિરૂદ્ધ એવા જ પ્રમાણોને જ પ્રમાણ માનવું જોઇએ તેથી વ્યવહારિક પ્રમાણ ગણનામાં આપણે ત્યાં (૧) શ્રુતિ (૨) પ્રત્યક્ષ (૩) ઐતિહ્ય અનુમાન એમ ચાર પ્રમાણ માનવામાં આવ્યા છે અને તે મુજબ જ આપણે ત્યાં દાર્શનિક સમાધાન માટે એમનો જ ઉપયોગ હોવો જાઇએ ઐતિહ્ય એને સ્મૃતિ રૂપ માનવામાં આવ્યો છે તેથી જ બ્રહ્મસુત્રમાં પણ "સ્મૃતેશ્ચ" એવું સ્મૃતિનું પ્રમાણ હોવાનું ઉલ્લેખ મળે છે. બીજા જે પ્રમાણો ઉપમાન ઇત્યાદિ એ બધા પ્રમાણના અનુગ્રાહક જ છે એમ સમજવું વસ્તુતઃ તો બધા પ્રમાણોને પ્રમાણ થવા

માટે સત્યગુણની અપેક્ષા છે તથી આગમને પ્રથમ ગણાવવામાં આવ્યું છે. કેમકે આગમથી ઉત્પન્ન જ્ઞાન સાત્વિક હોય છે આમ જો કે પ્રસ્તુત ગ્રંથકારે પ્રમાણનું વિવેચન નથી કર્યું તો પણ આવશ્યક હોવાથી સંક્ષેપમાં પ્રસ્થાન રત્નાકરથી અહીંયા સમજવું આવશ્યક છે.